B

1. ભારતમાં આંતરિક સ્થળાંતરના સંદર્ભમાં, નીચેના સ્થળાંતર પ્રવાહોને તેમની માત્રાના (સ્થળાંતર કરનારાઓની સંખ્યા, છેલ્લા વસ્તી ગણતરીના ડેટા મુજબ) ઘટતા ક્રમમાં ગોઠવો:
   1. ગ્રામીણથી શહેરી
   2. ગ્રામીણથી ગ્રામીણ
   3. શહેરીથી શહેરી
   4. શહેરીથી ગ્રામીણ

   નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
   (A) 2 – 1 – 3 – 4
   (B) 1 – 2 – 3 – 4
   (C) 2 – 3 – 1 – 4
   (D) 1 – 3 – 2 – 4

2. બાયોડાઈજિસ્ટર (બાયો-ઈ-ટોયલેટ) વિશે નીચેનામાંથી કયું સાચું નથી?
   (A) તે માનવ અને પશુ કચરાને બાયોગેસ અને સ્લરીમાં રૂપાંતર કરે છે.
   (B) વિઘટન માટે એનિરોબિક બેક્ટેરિયા જરૂરી છે.
   (C) વિઘટન માટે એરોબિક બેક્ટેરિયા જરૂરી છે.
   (D) ઉત્પન્ન બાયોગેસ મુખ્યત્વે મીથેન ધરાવે છે.

3. મુક્ત વેપાર બંદરો (Free Trade Ports - FTPs) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. FTPsની વિભાવનામાં વેપાર, માલવાહક વ્યવસ્થા અને વૈશ્વિક પુરવઠા શૃંખલાના એકીકરણને પ્રોત્સાહન આપવા માટે ઉદારીકૃત જકાત પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.
   2. તમામ FTPs એક સમાન વૈશ્વિક સંધિ હેઠળ વિશ્વ વેપાર સંસ્થા (WTO) દ્વારા સંચાલિત થાય છે.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
   (A) ફક્ત 1
   (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને
   (D) બંનેમાંથી એક પણ નહિ

4. ક્રિપ્સની દરખાસ્ત 1942 વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કૉંગ્રેસે ક્રિપ્સની દરખાસ્તનો સ્વીકાર કર્યો પણ મુસ્લિમ લીગે તેને નકારી કાઢી.

2. કૉંગ્રેસે ક્રિપ્સની દરખાસ્તને નકારી કાઢી,પણ મુસ્લિમ લીગે તેનો સ્વીકાર કર્યો.

3. કૉંગ્રસ અને મુસ્લિમ લીગ બંનેએ તેને નકારી કાઢી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) 1, 2 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 3

5. વહીવટી ટ્રિબ્યુનલ્સને ન્યાયનિર્ણયની માળખાગત પુનઃરચનાના ભાગરૂપે દાખલ કરવામાં આવ્યા હતા, જે વધુ ને વધુ જટિલ શાસન વિવાદો માટે વિશિષ્ટ, તકનીકી જ્ઞાન આધારિત ન્યાય તરફના પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. તેમની રચના પાછળના સૈદ્ધાંતિક હેતુ સાથે કયું સમર્થન સૌથી સારી રીતે સુસંગત છે?

(A) માત્ર ન્યાયાલયોએ જ બધા કેસોની સુનાવણી કરવી જોઈએ.

(B) ટ્રિબ્યુનલ્સ ન્યાયિક સમીક્ષાને નબળી પાડે છે.

(C) ટ્રિબ્યુનલ્સ તમામ બંધારણીય અદાલતોને બદલે છે.

(D) તેમની વિશિષ્ટ કુશળતા વહીવટી વિવાદોના કાર્યક્ષમ નિરાકરણની ખાતરી કરે છે.

6. સુરેશ અને રમેશ બજારમાં એક નિયત સ્થળેથી વિખુટા પડી જાય છે. રમેશને શોધવા સુરેશ આ સ્થળથી પ્રથમ પૂર્વ દિશામાં 45 મીટર ચાલે છે. ત્યાંથી જમણી તરફ 10 મીટર ચાલ્યા બાદ ફરી જમણી તરફ 15 મીટર ચાલે છે. હવે તેને જમણી તરફ 50 મીટર પર રમેશ મળી જાય છે, તો રમેશ મૂળ સ્થાનથી કેટલા અંતરે અને કઈ દિશામાં મળે છે?

(A) 50 મીટર, વાયવ્ય

(B) 50 મીટર, ઇશાન

(C) 50 મીટર, ઉત્તર

(D) 40 મીટર, પૂર્વ

7. ફુગાવા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ફુગાવાથી દેવાદારોને ફાયદો થાય છે.

2. ફુગાવાથી સ્થિર આવક ધરાવતા બધા લોકોને ફાયદો થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

8. નીચેના વિધાનો ધ્યાનમાં લો:

વિધાન (A) : ઇન્ડો-આર્યન ભાષા પેટા-કુટુંબ એ ભારતમાં બોલનારાઓની સંખ્યાના સંદર્ભમાં સૌથી મોટું ભાષાકીય જૂથ બનાવે છે, જેનું ભૌગોલિક વિતરણ મુખ્યત્વે દેશના ઉત્તરીય, પશ્ચિમી અને મધ્ય ભાગોમાં કેન્દ્રિત છે.

કારણ (R) : ઇન્ડો-આર્યન જૂથનું વર્ચસ્વ એ હજારો વર્ષોથી મધ્ય એશિયામાંથી બોલનારાઓના મોટા પાયે ફેલાવાનું ઐતિહાસિક પરિણામ છે, જે હિન્દી, બંગાળી અને મરાઠી જેવી ભાષાઓના વિસ્તારમાં પ્રતિબિંબિત થાય છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) (A) અને (R) બંને સાચા છે, અને (R) એ (A) ની સાચી સમજૂતી છે.

(B) (A) અને (R) બંને સાચા છે, પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

9. 'જ્યોતિગ્રામ' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ યોજના ગ્રામ્ય ઘરવાળાઓને 24*7 ત્રણ ફેઝ ગુણવત્તાપૂર્ણ વીજ પુરવઠો આપવા માટે રચવામાં આવી છે.

2. વિશ્વાસનીય વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે કૃષિ અને અકૃષિ ફીડરોને અલગ કરવામાં આવ્યા.

3. પરંપરાગત વીજ પુરવઠા પર નિર્ભરતા ઘટાડવા માટે ગ્રામ્ય ઊર્જા સિસ્ટમોમાં સોલરાઈઝેશનને પ્રોત્સાહન આપે છે

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2 અને 3

B

10. બ્લુ ઇકોનોમી (Blue Economy) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બ્લુ ઇકોનોમી આર્થિક વૃદ્ધિ અને આજીવિકા વૃદ્ધિ માટે મહાસાગર સંસાધનોના ટકાઉ ઉપયોગ પર ભાર મૂકે છે.

2. તેમાં મત્સ્યોદ્યોગ, દરિયાઈ પુનઃપ્રાપ્ય ઊર્જા, બાયોટેકનોલોજી અને દરિયાકાંઠાના પ્રવાસન જેવાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

3. 'બ્લુ ઇકોનોમી' શબ્દ ફક્ત સંરક્ષણ પ્રયાસોનો સંદર્ભ આપે છે અને વાણિજ્યિક દરિયાઈ પ્રવૃત્તિઓને બાકાત રાખે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3

(D) ફક્ત 2 અને 3

11. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. લોર્ડ કોર્નવોલિસ 1785માં ભારતના ગવર્નર જનરલ તરીકે ભારત આવ્યા હતા.

2. સર વિલિયમ જોન્સ તેમના ન્યાયિક સુધારાઓમાં તેમના સલાહકાર હતા.

3. સર જોન શોર તેમના મહેસૂલ બાબતોના સલાહકાર હતા.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

12. ભારતીય સંવિધાન, ખાસ કરીને આમુખ અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા, ભારતને એક કલ્યાણ રાજ્ય તરીકે સ્થાપિત કરે છે, જે કેન્દ્ર અને રાજ્ય સરકારોને સામાજિક અને આર્થિક ન્યાયની શોધ માટે પ્રતિબદ્ધ કરે છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બંધારણીય કલ્યાણ માત્ર ઉચ્ચ જીડીપી વૃદ્ધિ દ્વારા જ પ્રાપ્ત થાય છે, અને સામાજિક-આર્થિક ન્યાયનું પ્રસ્તાવનાનું વચન કારોબારી પર કાયદેસર રીતે બિન-બંધનકર્તા છે.

2. અનુચ્છેદ 41 એક મૂળભૂત અધિકાર છે, જે મનરેગા જેવી કલ્યાણ યોજનાઓને ન્યાયિક રીતે લાગુ કરાવી શકાય તેવી બનાવે છે, અને રાજ્યએ આવી તમામ બિન-આવશ્યક કલ્યાણ કાર્યક્રમો બંધ કરવા જ જોઈએ.

3. બંધારણીય સામાજિક ન્યાય કલ્યાણના લાભોને ફક્ત આર્થિક રીતે આત્મનિર્ભર શહેરી વસ્તી પૂરતા જ મર્યાદિત રાખે છે, જ્યારે ઇરાદાપૂર્વક ગ્રામીણ અથવા હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને બાકાત રાખે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો ખોટું/ખોટાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) 1, 2 અને 3

13. એક આડી હરોળમાં સુનિલનો ક્રમ ડાબેથી 15મો અને જમણેથી 17મો હોય, તો હરોળમાં કુલ કેટલા વ્યક્તિઓ હશે?

(A) 31

(B) 29

(C) 30

(D) 32



[Contd.

14. નીચેનામાંથી કયું વૈશ્વીકરણનો ભાગ નથી?

(A) આયાત જકાતમાં ઘટાડો

(B) આયાત કોટા નાબુદ કરવો

(C) વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણનાં મુક્ત પ્રવાહને મંજુરી આપવી

(D) જાહેર ક્ષેત્રના સાહસોનું વિનિવેશ/વિમૂડીકરણ

15. ગુજરાતના નીચેના જિલ્લાઓ ધ્યાને લો:

1. અમદાવાદ

2. સુરત

3. કચ્છ

4 ડાંગ

વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ આપેલા જિલ્લાઓને તેમની વસ્તી ગીચતાના સાચા ઘટતા ક્રમમાં ગોઠવો:

(A) 1 – 2 – 4 – 3

(B) 2 – 1 – 4 – 3

(C) 2 – 1 – 3 – 4

(D) 1 – 2 – 3 – 4

16. કૃષિ પદાર્થોમાં ટર્મિનેટરજીન્સ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે ખેડૂતોને આગામી પેઢી માટે બીજ ઉત્પન્ન અડચણ ઊભી કરે છે.

2. તે જૈવિક રીતે સંશોધિત બીજનો અનિયંત્રિત ફેલાવ અટકાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

17. ભારતના નવીનીકરણીય ઊર્જા પરિદૃશ્ય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજસ્થાન હાલમાં ભારતીય રાજ્યોમાં સૌથી વધુ સ્થાપિત નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ધરાવે છે.
2. ભારતમાં નવીનીકરણીય ઊર્જાનું વિસ્તરણ મોટા પાયે સોલાર પાર્ક અને વિન્ડ પાવર કોરિડોર દ્વારા સમર્થિત છે.
3. ભારતની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતામાં માત્ર સૌર ઊર્જાનો સમાવેશ થાય છે, જેમાં પવન કે જળનું કોઈ નોંધપાત્ર યોગદાન નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2
(B) ફક્ત 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

18. નીચેનામાંથી કોણે દેવ સમાજની સ્થાપના કરી હતી?

(A) દાદોબા પાંડુરંગ
(B) આત્મારામ પાંડુરંગ
(C) બહેરામજી એમ. મલબારી
(D) શ્રી નારાયણ અગ્નિહોત્રી

19. ભારતીય સંવિધાન ભારતને એક સાર્વભૌમ ગણતંત્ર જાહેર કરે છે, પરંતુ તે રાજ્યને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિની જવાબદારીઓનું સન્માન કરવા માટે પણ પ્રતિબદ્ધ કરે છે, જે આંતરિક કાયદા અને વૈશ્વિક ધોરણો વચ્ચે સંતુલન બનાવે છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંસદ માત્ર આંતરરાષ્ટ્રીય સંધિઓ અને કરારોને લાગુ કરવાના હેતુ માટે, અનુચ્છેદ 253 હેઠળની તેની સત્તાનો ઉપયોગ કરીને, અન્યથા રાજ્ય વિધાનમંડળો માટે આરક્ષિત વિષયો પર કાયદા ઘડી શકે છે.
2. કારોબારી દ્વારા હસ્તાક્ષર કરાયેલ કોઈપણ આંતરરાષ્ટ્રીય સંધિ અનુચ્છેદ 253 હેઠળ સંસદ દ્વારા પસાર કરાયેલા સક્ષમ કાયદાની જરૂરિયાત વિના ભારતમાં આપમેળે લાગુ કરાવી શકાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો ખોટું/ખોટાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

20. 200 વિદ્યાર્થિનીઓના નામની યાદીમાં ગીતાનું નામ ઉપરથી 77મું છે તો નીચેથી તેણીનો ક્રમ શોધો.

(A) 125
(B) 124
(C) 123
(D) 122

21. નીચેનામાંથી કયું પગલું ભારતની લેણદેણની તુલાની સ્થિતિ સુધારવામાં મદદ કરે તેવી શક્યતા નથી?

(A) રૂપિયાનું અવમૂલ્યન

(B) આયાત અવેજીકરણની નીતિને પ્રોત્સાહન

(C) નિકાસ પર વધુ જકાત લાદવી

(D) આયાત પર વધુ જકાત લાદવી

22. ભારતના છોટા નાગપુર ઉચ્ચપ્રદેશ પ્રદેશમાં લોખંડ અને સ્ટીલ ઉદ્યોગના ભૌગોલિક સ્થાનિકીકરણમાં નીચેનામાંથી કયું પરિબળ સૌથી વધુ નિર્ણાયક ભૂમિકા ભજવે છે?

(A) નિકાસ માટે મોટા મહાનગરીય ગ્રાહક બજારો અને બંદરોની નિકટતા

(B) દામોદર વેલી પ્રોજેક્ટમાંથી ઉત્પન્ન થતી સસ્તી જળવિદ્યુતની ઉપલબ્ધતા

(C) કોકિંગ કોલસા અને ઉચ્ચ-ગ્રેડના લોહ અયસ્કના ભંડારોની નજીકની ઉપલબ્ધતા

(D) તૈયાર માલના પરિવહન માટે વસાહતી (colonial) સમયગાળા દરમિયાન સ્થાપિત ગાઢ રેલ્વે નેટવર્કની હાજરી

23. ભારતીય પ્લાઝમા સંસ્થા (IPR) ગાંધીનગર (ગુજરાત) પ્લાઝમા પર કામ કરે છે, એટલે કે તે નીચે પૈકી શાના પર કામ કરે છે?

(A) જીવોના પ્લાઝ્મિક ઘટકો

(B) પદાર્થની દ્રવ અવસ્થા

(C) પદાર્થની વાયુ અવસ્થા

(D) પદાર્થની ચોથી અવસ્થા

24. ભારતમાં ટેલિકોમ નિયમન અને ભારતીય દૂરસંચાર નિયમનકારી પ્રાધિકરણ (TRAI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. TRAI ટેલિકોમ ક્ષેત્રમાં દરો, સેવાની ગુણવત્તા અને સ્પેક્ટ્રમ-સંબંધિત ભલામણોનું નિયમન કરે છે.

2. TRAI ને સરકારી મંજૂરી વિના સ્પેક્ટ્રમ હરાજીની રૂપરેખા પર બંધનકર્તા નિયમો જારી કરવાનો અધિકાર છે.

3. TRAIની ભલામણો સામાન્ય રીતે સલાહકારી સ્વરૂપની હોય છે, પરંતુ સરકારે મુખ્ય નીતિગત નિર્ણયો પહેલાં TRAIની ભલામણ માગવી આવશ્યક છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

25. નીચેના સમાજને કાલક્રમિક ક્રમમાં ગોઠવો.

1. આર્ય સમાજ

2. આદિ બ્રહ્મોસમાજ

3. દેવ સમાજ

4. પ્રાર્થના સમાજ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 3, 4, 2

(B) 4, 1, 3, 2

(C) 2, 4, 1, 3

(D) 3, 2, 1, 4

26. વેદો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઋગ્વેદસંહિતા એ સ્તોત્રોનો સંગ્રહ છે.

2. અથર્વવેદસંહિતા એ મંત્ર અને જાદુનો સંગ્રહ છે.

3. યજુર્વેદસંહિતા એ યજ્ઞ અને સૂત્રોનો સંગ્રહ છે

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

27. મૂળભૂત અધિકાર તરીકે બાંયધરી આપવામાં આવેલો, સંપત્તિનો અધિકાર જમીન સુધારણા અને સામાજિક ન્યાયના રાજ્યના લક્ષ્યો અને સંપત્તિના અધિકારો વચ્ચેના સંઘર્ષને કારણે અસંખ્ય બંધારણીય સુધારાઓ અને સીમાચિહ્નરૂપ ન્યાયિક ઉચ્ચારણોનો વિષય હતો, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. 44મો સુધારો અધિનિયમ, 1978 એ મૂળભૂત અધિકારોની સૂચિમાંથી સંપત્તિના અધિકારને દૂર કર્યો.

2. ભાગ 3માંથી દૂર કર્યા પછી, સંપત્તિનો અધિકાર સંવિધાનમાંથી સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યો હતો અને આજે તે કોઈપણ કાનૂની અમલક્ષમતા ધરાવતો નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

28. છોકરીઓની એક હરોળમાં પૂજા જમણેથી 11મા સ્થાને છે અને પ્રીતિ પૂજાથી ડાબી બાજુ 14મા સ્થાને છે. જો પ્રીતિ ડાબેથી 21મા સ્થાને હોય, તો હરોળમાં કુલ કેટલી છોકરીઓ છે?

(A) 40
(B) 38
(C) 37
(D) 36

29. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પૂર્ણ હરિફાઈમાં પેઢીઓની મુક્ત અવરજવર પ્રતિબંધિત છે.

2. અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓ ઘણી બાબતોમાં પરસ્પર નિર્ભર હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

30. ભારતીય દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દ્વીપકલ્પીય પ્રદેશનો ઉત્તર-પૂર્વીય ભાગ, ખાસ કરીને છોટાનાગપુર પ્રદેશ, ભારતના ખનીજ સંસાધનોનો ભંડાર છે.

2. માળવા ઉચ્ચપ્રદેશમાં મુખ્યત્વે કાંપવાળી જમીન જોવા મળે છે, જે ઘઉં અને ચોખાના પાક માટે આદર્શ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

31. ભારતની મિસાઇલ ટેકનોલોજી વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?
   (A) ભારતે ફક્ત આયાતી ઘટકોનો ઉપયોગ કરીને મિસાઇલો વિકસાવી છે અને તેનો કોઈ સ્વદેશી એન્જિન વિકાસ નથી.
   (B) ભારતનો મિસાઇલ કાર્યક્રમ સંપૂર્ણપણે ટૂંકા અંતરના વ્યૂહાત્મક સ્તરે રહે છે, જેમાં કોઈ વ્યૂહાત્મક મિસાઇલો નથી.
   (C) ભારતે સ્વદેશી મિસાઇલ સિસ્ટમ બંને વિકસાવી છે અને હાઇપરસોનિક અને અદ્યતન મિસાઇલ ટેકનોલોજી પર કામ કરી રહ્યું છે.
   (D) ભારત બધી મિસાઇલ સિસ્ટમો આયાત કરે છે અને મિસાઇલો માટે કોઈ સ્થાનિક સંશોધન અને વિકાસ નથી.

32. પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. આ યોજનાનો હેતુ હાજરી અને શીખવાના પરિણામો સુધારવા માટે શાળાના બાળકોને પૌષ્ટિક ભોજન પૂરું પાડવાનો છે.
   2. મધ્યાહ્ન ભોજન યોજનામાં પુનઃરચના કર્યા પછી શિક્ષણ મંત્રાલય દ્વારા તેનો અમલ કરવામાં આવે છે.
   3. આ યોજના માત્ર સરકારી સહાયિત શાળાઓમાં ધોરણ 6થી ધોરણ 12 સુધીના બાળકોને આવરી લે છે.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
   (A) ફક્ત 1
   (B) ફક્ત 3
   (C) ફક્ત 1 અને 2
   (D) ફક્ત 2 અને 3

33. હડપ્પીય લિપિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
   1. આ લિપિ મોટે ભાગે ગ્રીક ભાષા સાથે જોડાયેલી છે.
   2. સામાન્ય રીતે આ લિપિ જમણેથી ડાબે લખવામાં આવતી હતી, પરંતુ થોડા કિસ્સાઓમાં તે વિપરીત દિશામાં હતી.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
   (A) ફક્ત 1
   (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને
   (D) બંનેમાંથી એક પણ નહિ



MaruGujarat.in

34. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અદાલતમાં પડકારી ન શકાય તેવા હોવા છતાં, તે ભારતની કલ્યાણલક્ષી શાસન વ્યવસ્થાની ગતિને આકાર આપતા એક બંધારણીય નૈતિકતા તરીકે કાર્ય કરે છે. કયું ઉદાહરણ જાહેર નીતિના ઘડતર પર રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના વાસ્તવિક પ્રભાવને સૌથી ચોક્કસપણે દર્શાવે છે?

(A) જાહેર સમર્થન વિના બનાવવામાં આવેલી નીતિઓ

(B) કાયદા વિના લાગુ કરાયેલી નીતિઓ

(C) નાગરિક કલ્યાણ ઘટાડતી નીતિઓ

(D) શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવા માર્ગદર્શક સિદ્ધાંતો ઉદ્દેશ્યો સાથે સંરેખિત કલ્યાણ યોજનાઓ

35. જો એક સાંકેતિક ભાષામાં 'EDUCATE'ને 'FFXGFZL' લખવામાં આવે તો 'SCHOOL'ને કઈ રીતે લખી શકાય?

(A) TDIPPM

(B) TEKSTR

(C) TEJSTR

(D) TEKTUQ

36. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) ચોખ્ખા ઘરેલું ઉત્પાદન (NDP)નો અંદાજ કાઢવા માટે કુલ ઘરેલું ઉત્પાદન (GDP)માં ઘસારાને ઉમેરવામાં આવે છે.

(B) અર્થતંત્રનું NDP હંમેશા તેના GDP કરતાં ઓછું હોય છે.

(C) ચોખ્ખા રાષ્ટ્રીય ઉત્પાદન (NNP)ના અંદાજ મેળવવા માટે કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP) માંથી ઘસારો બાદ કરવામાં આવે છે.

(D) દેશનો સંભવિત GDP બદલાતો રહે છે.



[Contd.

37. નીચેના વિધાનો ધ્યાનમાં લો:

વિધાન (A) : આંતર-ઉષ્ણકટિબંધીય અભિસરણ ક્ષેત્ર (ITCZ) નું સંચરણ ખાસ કરીને ભારતીય ઉપખંડ પર મોસમી સંચરણ (Monsoonal circulation)ના નિર્માણ માટે નિર્ણાયક છે.

કારણ (R) : ITCZ એ તાપીય વિષુવવૃત્ત (Thermal equator)ની સાથે પૃથ્વીની સપાટીની તીવ્ર ગરમીને કારણે રચાયેલો એક કાયમી નીચા દબાણનો પટ્ટો છે, જ્યાં કોરિઓલિસ બળ મહત્તમ હોય છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) (A) અને (R) બંને સાચા છે, અને (R) એ (A) ની સાચી સમજૂતી છે.

(B) (A) અને (R) બંને સાચા છે, પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

38. ભારતમાં પરમાણુ ઊર્જા વિશે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A) ભારતમાં યુરેનિયમ પુષ્કળ પ્રમાણમાં છે અને થોરિયમના ઉપયોગની કોઈ જરૂર નથી.

(B) ભારતે સ્વદેશી પરમાણુ રિએક્ટર વિકસાવ્યા છે અને તેનો હેતુ તેના બંધ બળતણ-ચક્ર અભિગમમાં વપરાયેલા બળતણને ફરીથી પ્રક્રિયા કરવાનો છે.

(C) પરમાણુ ઊર્જા 2030 સુધીમાં કોલસાને સંપૂર્ણપણે બદલી લેશે તેવી અપેક્ષા છે.

(D) ભારતના પરમાણુ કાર્યક્રમમાં કોઈ સ્વદેશી સંશોધન નથી.

39. ભારતના ગ્રીન ક્રેડિટ કાર્યક્રમ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ કાર્યક્રમ માપી શકાય તેવી ક્રેડિટ્સ સોંપીને પર્યાવરણીય રીતે ટકાઉ ક્રિયાઓને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરે છે.

2. આ કાર્યક્રમ હેઠળ ઉત્પન્ન થયેલી ક્રેડિટ્સનું નિયંત્રિત રાષ્ટ્રીય બજારમાં વેપાર થઈ શકે છે.

3. આ કાર્યક્રમ મુખ્યત્વે ઔદ્યોગિક પરવાના નીતિ લાઇસન્સિંગ સુધારાઓને ટેકો આપવા માટે રચાયેલ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3



MaruGujarat.in

40. નીચે આપેલાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

a. વિદથ
b. સભા
c. વૈશાલી
d. શાક્યો

1. વજ્જી સંઘનું વડું મથક
2. કપિલવસ્તુ
3. સૌથી જૂની લોકસભા
4. ઋગ્વેદિક રાજનીતિનું અનોખું અંગ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 1 | 2 | 4 | 3 |
| (D) | 2 | 3 | 1 | 4 |

41. ભારતીય બિનસાંપ્રદાયિકતા, સમાનતા અને સુધારાને જાળવી રાખવા માટે જ્યારે જરૂરી હોય ત્યારે રાજ્યને દરમિયાનગીરી કરવા સશક્ત બનાવતા રૂપરેખાની પસંદગી કરીને કડક વિભાજન અને ધર્મશાહી ગોઠવણી બંનેને નકારે છે. કયું વિધાન આ વિશિષ્ટ બંધારણીય અભિગમને શ્રેષ્ઠ રીતે વ્યક્ત કરે છે?

(A) રાજ્યએ તમામ ધર્મોથી દૂર રહેવું જોઈએ.
(B) એક ધર્મ શ્રેષ્ઠ છે.
(C) રાજ્ય સમાનતા અને સુધારાની ખાતરી કરવા માટે દરમિયાનગીરી કરી શકે છે.
(D) ધર્મે રાજ્યને નિયંત્રિત કરવું આવશ્યક છે.

42. જો લંબચોરસની દરેક બાજુઓ ધન પૂર્ણાંક હોય, તો 48 ચો.સે.મી. ક્ષેત્રફળ ધરાવતા કેટલાક લંબચોરસ બની શકે?

(A) 5
(B) 6
(C) 10
(D) 12

43. ભારતમાં નાણાં બજારના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નાણાં બજાર ટૂંકા ગાળાના ભંડોળનું બજાર છે.
2. નાણાં બજાર RBI માટે તરલતા સમાયોજનના સાધન તરીકે કાર્ય કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

MaruGujarat.in

44. ભારતમાં ખડક તંત્રો (Rock Systems) અને તેનું આર્થિક મહત્વ અંગે નીચેની જોડીઓ ધ્યાનમાં લો:

| ખડક તંત્ર | મુખ્ય ખનીજો |
|---|---|
| 1. ધારવાડ તંત્ર | લોહ અયસ્ક, સોનું, મેંગેનીઝ |
| 2. ગોંડવાના તંત્ર | કોલસો |
| 3. કુડપ્પા તંત્ર | પેટ્રોલિયમ અને કુદરતી વાયુ |

ઉપરોક્ત જોડીઓમાંથી કેટલી જોડીઓ સાચી રીતે જોડાયેલી છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

45. જૈવ વૈવિધ્યતા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભૌતિક આવાસ (Physical habitats) જૈવ વૈવિધ્યતા (Biodiversity) નો ઘટક છે.
2. જનૈતિક વૈવિધ્યતા (Genetic diversity) જૈવ વૈવિધ્યતા (Biodiversity) નો ઘટક છે.
3. જંગલો ઘાસનાં મેદાન, રેતીલા વિસ્તારો અને કાદવવાળી જગ્યાઓ (કળણ) જૈવ વૈવિધ્યતાના ઘટકો છે.
4. પ્રજાતિ વૈવિધ્યતા (Species diversity) માં પ્રજાતિ નો પ્રકાર સમાવેશ થાય છે પરંતુ તેમની સંખ્યા નહીં.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1 અને 4

(D) 1, 2, 3 અને 4



MaruGujarat.in

46. આબોહવા પરિવર્તન પર આંતર-સરકારી પેનલ (Intergovernmental Panel on Climate Change - IPCC) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. IPCC આબોહવા પરિવર્તન, તેની અસરો અને સંભવિત શમન માર્ગો સંબંધિત વૈજ્ઞાનિક માહિતીનું મૂલ્યાંકન કરે છે.

2. તેના મૂલ્યાંકન અહેવાલોનો ઉપયોગ સરકારો દ્વારા આબોહવા પરિવર્તન પર સંયુક્ત રાષ્ટ્રનું માળખાગત સંમેલન (United Nations Framework Convention on Climate Change - UNFCCC) માળખા હેઠળની આબોહવા વાટાઘાટોમાં કરવામાં આવે છે.

3. IPCC એક નીતિ ઘડનારી સંસ્થા છે જે આબોહવા સંધિઓનું પાલન કરાવવા માટે અધિકૃત છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 1

(C) ફક્ત 1 અને 2

(D) ફક્ત 2 અને 3

47. ભારતીય દર્શનશાસ્ત્રમાં જૈન ધર્મનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન કયો સિદ્ધાંત છે?

(A) સ્યાદવાદ (B) પુનર્જન્મ

(C) કર્મનો સિદ્ધાંત (D) અહિંસા

48. સંવિધાનમાં સુધારો કરવાની સંસદની સત્તા વ્યાપક છે પરંતુ મૂળભૂત માળખાના ન્યાયિક સિદ્ધાંત દ્વારા મર્યાદિત છે, જે સર્વોચ્ચ ન્યાયાલયના એક સીમાચિહ્નરૂપ નિર્ણયમાંથી ઉભરી આવ્યો છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અનુચ્છેદ 368 હેઠળ સંસદની સુધારાની સત્તા મર્યાદિત છે અને તેનો ઉપયોગ સંવિધાનના મૂળભૂત માળખા અથવા મૂળભૂત ઓળખને નષ્ટ કરવા માટે કરી શકાતો નથી.

2. મૂળભૂત માળખાનો સિદ્ધાંત કેશવાનંદ ભારતી કેસમાં સ્થાપિત કરવામાં આવ્યો હતો, જેણે પુષ્ટિ કરી કે સંસદ મૂળભૂત અધિકારોમાં સુધારો કરી શકે છે પરંતુ મૂળ માળખામાં નહીં.

3. 42મા સુધારો અધિનિયમ, 1976 દ્વારા ઉમેરવામાં આવેલી જોગવાઈ, જેણે બંધારણીય સુધારાઓની ન્યાયિક સમીક્ષાને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરી દીધી હતી, તેને સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મિનર્વા મિલ્સ કેસ (1980) માં સમર્થન આપવામાં આવ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 3

(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

49. એક પ્રયોગમાં વિષાણુની સંખ્યા દર 3 મિનિટે બમણી થાય છે. જો 15 મિનિટમાં સંખ્યા 800 થઈ હોય, તો પ્રયોગના આરંભે કેટલા વિષાણુ હશે?

(A) 160

(B) 100

(C) 50

(D) 25

50. વિનિવેશ/વિમૂડીકરણને શ્રેષ્ઠ રીતે કેવી રીતે વ્યાખ્યાયિત કરી શકાય?

(A) ખાનગી કંપનીઓના શેરનું સરકારી ક્ષેત્રને વેચાણ

(B) ખાનગી કંપનીઓના રોકાણમાં ઘટાડો

(C) જાહેર કંપનીઓના રોકાણમાં ઘટાડો

(D) સરકારી કંપનીઓના શેરનું ખાનગી ક્ષેત્રને વેચાણ

51. માનવ વિકાસ સૂચકાંક (HDI) નીચેનામાંથી કયાનો સંયુક્ત સૂચકાંક છે?

(A) પોષણ સ્થિતિ, જીવનની ગુણવત્તા અને અપેક્ષિત આયુષ્ય

(B) શૈક્ષણિક પ્રાપ્તિ, પોષણની સ્થિતિ અને ગરીબી

(C) માથાદીઠ આવક, શૈક્ષણિક પ્રાપ્તિ અને અપેક્ષિત આયુષ્ય

(D) આરોગ્ય, બેરોજગારી અને અસમાનતા

52. કઈ દરિયાઈ જીવસૃષ્ટિ તેની સમૃદ્ધ જૈવવિવિધતા માટે જાણીતી છે અને તેને ઘણીવાર સમુદ્રના વરસાદી જંગલ તરીકે ઓળખવામાં આવે છે?

(A) પરવાળાના ખડકો (Coral reefs)

(B) મેન્ગ્રોવ્સ

(C) દરિયાઈ ઘાસ (Seagrass)

(D) ભરતી-ઓટવાળા ભીના મેદાનો

53. નીચેનામાંથી કઈ પરિસ્થિતિઓમાં સ્માર્ટફોનનું GPS સિગ્નલ પ્રાપ્ત કરવામાં અથવા ચોક્કસ સ્થાન દર્શાવવામાં અવરોધ આવી શકે છે?

1. ઘણી ઊંચી ઇમારતોની વચ્ચે
2. ભારે વાદળછાયું હવામાન
3. ગહન ભૂગર્ભ ટનલ અથવા પાર્કિંગની જગ્યાઓ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

54. જલ જીવન મિશન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ મિશનનો હેતુ દરેક ગ્રામીણ ઘરને કાર્યરત ઘરેલું નળ જોડાણ પ્રદાન કરવાનો છે.
2. આ મિશન મુખ્યત્વે ઝડપી વસ્તી વધારાને કારણે પાણીની અછતનો સામનો કરી રહેલા શહેરી વિસ્તારોને લક્ષ્ય બનાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

55. નીચે આપેલાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

a. આંદાલ, અક્કા મહાદેવી — 1. ભક્તિ ગીતો દ્વારા મૌખિક પરંપરાનું જતન
b. ચાકીયાર કૂથુ, વથી નાટકમ — 2. ઉપસારસભર લોકનાટકો
c. સાહિત્ય અકાદમી — 3. અનુવાદ, પુરસ્કારો અને પ્રકાશનો દ્વારા સંસ્થાકીય સંરક્ષણ
d. પંચતંત્ર, હિતોપદેશ — 4. મૌખિક સ્રોતોથી સંકલિત નૈતિક વાર્તાઓ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 1 | 3 | 4 |
| (C) | 1 | 3 | 4 | 2 |
| (D) | 4 | 1 | 2 | 3 |

56. ભારત સત્તાના વિભાજનનો અમલ કરે છે, પરંતુ સાથે જ સરકારી શાખાઓ વચ્ચે સંસ્થાકીય નિયંત્રણો અને થોડી ઘણી અંશતઃ સમાનતા પણ મંજૂર કરે છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંસદ, રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ આયોગ (NJAC) જેવી પદ્ધતિઓ દ્વારા ન્યાયિક નિમણૂકો પરની ચર્ચાઓમાં ભાગ લે છે.
2. સર્વોચ્ચ અદાલત ચૂકાદાઓ કાયદા બનાવી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

B

57. જો ત્રણ વર્ષ બાદ માતાની ઉંમર પુત્રી કરતાં ત્રણ ગણી થાય અને છ વર્ષ પૂર્વે માતાની ઉંમર પુત્રી કરતાં છ ગણી હોય, તો તેમની હાલની ઉંમરનો સરવાળો શું થાય?

(A) 54 વર્ષ
(B) 36 વર્ષ
(C) 42 વર્ષ
(D) 60 વર્ષ

58. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વાસ્તવિક GDP એ આપેલ વર્ષમાં ઉત્પાદિત તમામ વસ્તુઓ અને સેવાઓનું બજાર મૂલ્ય છે.
2. વાસ્તવિક GDPને ચાલુ કિંમતે GDPની તુલનામાં આર્થિક વૃદ્ધિનો સારો સૂચક માનવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

59. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

(A) ઉત્તર પૂર્વીય ભારતની કાળી માટી બેસાલ્ટિક લાવા ખડકોના ખવાણ દ્વારા બની હતી.

(B) રૂપાંતરિત ખડક તેના મૂળ પ્રકાર કરતાં નરમ અને સંકુચિત હોય છે.

(C) ગ્રેનાઈટમાં ક્વાર્ટઝ, ફેલ્ડસ્પાર અને માઈકાના મોટા સ્ફટિકો હોય છે.

(D) પૃથ્વીના સૌથી મોટા સપાટી વિસ્તારમાં કાંપવાળા ખડકો જોવા મળે છે.

60. આકાશના રંગમાં થતા ફેરફારો અને તેના કારણો સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વરસાદ પડ્યા પછી આકાશ ખાસ કરીને ગહન વાદળી દેખાય છે, કારણ કે વાતાવરણમાંથી સસ્પેન્ડેડ કણો દૂર થવાથી રેલેઈ સ્કેટરિંગ (Rayleigh Scattering) વધુ અસરકારક બને છે.
2. સૂર્યાસ્ત સમયે, વાતાવરણના મોટા ધૂળકણો દ્વારા લાલ પ્રકાશનું વિખેરણ (Scattering) વાદળી પ્રકાશ કરતાં વધુ થાય છે, આથી આપણને લાલ સૂર્યાસ્ત દેખાય છે.
3. જો પૃથ્વીના વાયુમંડળમાં હવાના અણુઓ શૂન્ય હોય, તો પ્રકાશનું વિખેરણ નહીં થાય અને આકાશનો રંગ સંપૂર્ણ કાળો દેખાશે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

61. આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (International Solar Alliance – ISA) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ISA ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં સૌર ઉર્જાના ઉપયોગને એકત્ર કરવા માટે ભારત અને ફ્રાન્સ દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવ્યું હતું.
2. ISA નું સભ્યપદ માત્ર કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે સ્થિત દેશો સુધી મર્યાદિત છે.
3. ISA નું મુખ્યાલય ભારતમાં આવેલું છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

MaruGujarat.in

62. વૈદિક ઈતિહાસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઋગ્વેદ કાલીન સમાજમાં રાજાને "રાજન્ય" કહેવામાં આવતો.

2. મહિલાઓનું સ્થાન સમાજમાં સન્માનજનક ન હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

63. ઉપરાષ્ટ્રપતિનું રાજ્યસભાના હોદ્દેજોગ સભાપતિ તરીકેનું પદ ઉપલા ગૃહમાં પ્રક્રિયાગત તટસ્થતા સુનિશ્ચિત કરવા અને વિચાર-વિમર્શના સંતુલનને જાળવવાના ઇરાદાપૂર્વકના બંધારણીય પ્રયાસને પ્રતિબિંબિત કરે છે. કયો તર્ક આ માળખાકીય પસંદગીને શ્રેષ્ઠ રીતે વ્યક્ત કરે છે?

(A) ઉપરાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભાને નિયંત્રિત કરવી આવશ્યક છે.

(B) તે લોકસભાને નબળી પાડે છે.

(C) તે સંસદીય જવાબદેહી ઘટાડે છે.

(D) રાજ્યસભાને સીધી રાજકીય હરીફાઈ વિના તટસ્થ પ્રમુખ અધિકારીની જરૂર છે.

64. ફળોનો એક વેપારી 10 કિ.ગ્રા. સફરજન ₹1500માં ખરીદે છે. તેમાંથી 8 કિ.ગ્રા. તે ₹200 પ્રતિ કિ.ગ્રા.ના ભાવે વેચે છે. એકંદરે 20% નફો રળવા માટે બાકીના સફરજન તેણે કયા ભાવે વેચવા જોઈએ?

(A) ₹150

(B) ₹125

(C) ₹100

(D) ₹120

65. GST વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) કરની કેસ્કેડિંગ અસરને દૂર કરે છે અને એક રીતે તૈયાર વસ્તુઓની કિંમત ઘટાડવામાં મદદ કરે છે.

2. વ્યક્તિગત ઉપયોગ માટે વસ્તુઓ અને સેવાઓ પર ઇનપુટ ટેક્સ ક્રેડિટની મંજૂરી નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

66. ભારતનાં કયાં રાજ્યો મ્યાનમાર સાથે સરહદથી જોડાયેલાં છે?

(A) મિઝોરમ, મણીપુર, નાગાલેંડ અને અરુણાચલ પ્રદેશ

(B) મણીપુર, નાગાલેંડ, ત્રિપુરા અને અરુણાચલ પ્રદેશ

(C) મેઘાલય, મણીપુર, ત્રિપુરા અને નાગાલેંડ

(D) નાગાલેંડ, મિઝોરમ, ત્રિપુરા અને મણીપુર

67. નીચે ડાબી બાજુ આપેલી સિંચાઈ પદ્ધતિઓને જમણી બાજુના યોગ્ય પરિસ્થિતિ-જમીન સાથે સાચી રીતે જોડો.

| સિંચાઈ પદ્ધતિ | પરિસ્થિતિ-જમીન |
|---|---|
| (a) ટપક સિંચાઈ (ડ્રિપ ઇરિગેશન) | (i) ઊંચા દબાણની જરૂર, ઢાળવાળી જમીન |
| (b) ફુવારા સિંચાઈ (સ્પ્રિંકલર ઇરિગેશન) | (ii) પાણીની વધુ બચત, રેતાળ અને ડુંગરાળ જમીનમાં અસરકારક |
| (c) પૂર સિંચાઈ (ફ્લડ ઇરિગેશન) | (iii) સપાટ જમીન, ઓછા ખર્ચે પરંતુ પાણીનો વ્યય વધારે |
| (d) થાળા સિંચાઈ (બેઝિન ઇરિગેશન) | (iv) ફળના બગીચા અને ઝાડની આસપાસ એક નાની દીવાલ બનાવીને, નિયંત્રિત રીતે પાણી આપવું |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) a – i, b – ii, c – iii, d – iv

(B) a – i, b – ii, c – iv, d – iii

(C) a – ii, b – i, c – iii, d – iv

(D) a – ii, b – i, c – iv, d – iii

68. ભારતમાં આંતર-રાજ્ય નદી જળ વિવાદો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કાવેરી વિવાદમાં બહુવિધ રાજ્યો સામેલ છે અને તેનું ન્યાયનિર્ણયન ટ્રિબ્યુનલો તેમજ સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવ્યું છે.
2. આંતર-રાજ્ય નદી જળ વિવાદ અધિનિયમ, ૧૯૫૬ ટ્રિબ્યુનલોની રચના માટે કાનૂની આધાર પૂરો પાડે છે.
3. નદી જળ ટ્રિબ્યુનલોના નિર્ણયો સલાહકારી સ્વરૂપના હોય છે અને સંબંધિત રાજ્યો પર બંધનકર્તા નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3



[Contd.

MaruGujarat.in

69. વૈદિક ઈતિહાસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આર્યોની વૈદિક સંસ્કૃત ભાષા સંપૂર્ણ ઉત્તર ભારતની મુખ્ય ભાષા બની, જેનું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ વૈદિક સાહિત્ય છે.

2. ઋગ્વેદમાં દર્શાવવામાં આવેલ વૈદિક આર્ય સપ્તસિંધુ નામના પ્રદેશમાં રહેતા હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

70. ભાગ XVIII માં કટોકટીની જોગવાઈઓ કેન્દ્રને સંકટકાળ દરમિયાન અસરકારક રીતે કાર્ય કરવા અને શાસનની રચનામાં અસ્થાયી ફેરફાર કરવાની મંજૂરી આપે છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાષ્ટ્રીય કટોકટી દરમિયાન, અનુચ્છેદ 19ના અધિકારો આપમેળે સ્થગિત થઈ જાય છે, અને રાષ્ટ્રપતિ અનુચ્છેદ 20 અને 21 સિવાયના અન્ય મૂળભૂત અધિકારો માટે ન્યાયાલયનો સંપર્ક કરવાના અધિકારને સ્થગિત કરી શકે છે.

2. રાષ્ટ્રપતિ શાસન લાદવાથી સમવાયી માળખું અસ્થાયી એકાત્મક માળખામાં ફેરવાય છે, જે કેન્દ્રીય સંસદને રાજ્યની વિધાનમંડળની સત્તાઓ ધારણ કરવા સક્ષમ બનાવે છે.

3. નાણાકીય કટોકટીની ઘોષણાની મહત્તમ કાર્યકાળ ત્રણ વર્ષની છે અને તેને સંસદ દ્વારા સમયાંતરે પુનઃમંજૂરીની જરૂર છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

71. જયેશ અને પ્રિયાને બે સંતાનો અંકિતા અને અમિત છે. અંકિતાને બે પુત્રીઓ ટીના અને મીના છે, તો પ્રિયા અને ટીનાનો શું સંબંધ થાય?

(A) માતા-પુત્રી

(B) ફઇ-ભત્રીજી

(C) દાદી-પૌત્રી

(D) નાની-દોહિત્રી

72. ભારતમાં કૃષિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાષ્ટ્રીય ગોકુલ મિશન 2014માં શરૂ કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય ગાયોની સ્વદેશી જાતિઓના વિકાસ અને સંરક્ષણનો હતો.

2. વૈશ્વિક સ્તરે દૂધ ઉત્પાદનની બાબતમાં ભારત ખૂબ જ ઊંચું સ્થાન ધરાવે છે પરંતુ પ્રતિ પશુ દૂધ ઉત્પાદકતા ખૂબ ઓછી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

73. ભારતીય ચોમાસુ અને વાતાવરણીય ઘટનાઓના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પશ્ચિમી ડિસ્ટર્બન્સ એક ઉષ્ણકટિબંધીય ચક્રવાત છે, જે ભૂમધ્ય સમુદ્ર ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે અને ભારતમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ લાવે છે.

2. ભારતમાં શિયાળાની ઋતુમાં પશ્ચિમી જેટસ્ટ્રીમ અને ઉનાળાની ઋતુમાં ઉષ્ણકટિબંધીય પૂર્વીય જેટસ્ટ્રીમ સક્રિય હોય છે.

3. ભારતમાં અલ-નીનો ઘટના ચોમાસાના વરસાદને નકારાત્મક રીતે અસર કરવા માટે જાણીતી છે, જ્યારે લા-નીના સામાન્ય રીતે સામાન્ય કરતાં વધુ ચોમાસાના વરસાદ સાથે સંકળાયેલી છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3





MaruGujarat.in

74. વનસ્પતિઓમાં શ્વાસોચ્છવાસ અને પ્રકાશસંશ્લેષણ વચ્ચેના તફાવત અંગે નીચેના વિધાનો ધ્યાને લો:

1. વનસ્પતિઓમાં શ્વાસોચ્છવાસની પ્રક્રિયા દિવસ દરમિયાન અને રાત્રિ દરમિયાન સતત ચાલુ રહે છે.
2. પ્રકાશસંશ્લેષણ ફક્ત સૂર્યપ્રકાશની હાજરીમાં જ થાય છે, જ્યારે તે દરમિયાન વનસ્પતિ ઓક્સિજન મુક્ત કરે છે અને કાર્બન ડાયોક્સાઇડનો ઉપયોગ કરે છે.
3. શ્વાસોચ્છવાસની પ્રક્રિયામાં વનસ્પતિ કાર્બન ડાયોક્સાઇડ મુક્ત કરે છે અને વાતાવરણમાંથી ઓક્સિજનનો ઉપયોગ કરે છે, જે પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા કરતાં બિલકુલ વિપરીત છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

75. કયો મુક્ત વેપાર કરાર (FTA) ભારત અને પશ્ચિમી દેશ વચ્ચે કાર અને ઇલેક્ટ્રોનિક્સ પરની જકાત ઘટાડીને દ્વિપક્ષીય વેપારને વેગ આપે છે?

(A) ભારત-ઓસ્ટ્રેલિયા

(B) ભારત-યુનાઇટેડ કિંગડમ

(C) ભારત-કેનેડા

(D) ભારત-જાપાન

★ આપેલી માહિતી ઉપરથી 76થી 79ના જવાબો આપો.

છ મિત્રો વર્તુળાકારે કેન્દ્ર તરફ મોં કરીને બેઠા છે. દીપ્તિ, પ્રકાશ અને કિંજલ વચ્ચે બેઠી છે. નિર્મિત, કાર્તિક અને ચેતન વચ્ચે બેઠો છે. કિંજલ અને ચેતન બાજુમાં બેઠા છે.

76. પ્રકાશની જમણી બાજુ કોણ બેઠું છે?

(A) કાર્તિક

(B) દીપ્તિ

(C) નિર્મિત

(D) કિંજલ

77. કિંજલની આજુબાજુ કોણ છે?

(A) કાર્તિક અને ચેતન

(B) દીપ્તિ અને ચેતન

(C) નિર્મિત અને ચેતન

(D) પ્રકાશ અને કાર્તિક

78. ચેતનની સામે કોણ બેઠું છે?

(A) કાર્તિક

(B) દીપ્તિ

(C) નિર્મિત

(D) પ્રકાશ

79. જો કાર્તિક અને ચેતન પરસ્પર જગ્યા બદલે તો પ્રકાશની બાજુમાં કોણ આવે?

(A) નિર્મિત અને દીપ્તિ

(B) કાર્તિક અને દીપ્તિ

(C) ચેતન અને દીપ્તિ

(D) કિંજલ અને નિર્મિત

80. આર્થિક સર્વેક્ષણ 2024-25ના સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બાગાયત, પશુપાલન અને મત્સ્યઉદ્યોગ જેવાં ઉચ્ચ મૂલ્ય ધરાવતાં ક્ષેત્રો એકંદરે કૃષિ વિકાસના મુખ્ય ચાલક બન્યા છે.

2. ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર બે મહિનાની આયાતને પણ આવરી લેવા માટે પૂરતો નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

MaruGujarat.in

81. ખનિજો અને ઉદ્યોગો વિશે નીચે આપેલાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| ખનિજ | ઉદ્યોગ |
|---|---|
| a. માઈકા | 1. એલ્યુમિનિયમ ઉદ્યોગ |
| b. કોકિંગ કોલસો | 2. સિમેન્ટ ઉદ્યોગ |
| c. ચૂનાનો પથ્થર | 3. વિદ્યુત ઉદ્યોગ |
| d. બોક્સાઇટ | 4. લોખંડ અને પોલાદ ઉદ્યોગ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 4 | 2 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 4 | 2 | 3 | 1 |

82. ઓપ્ટિકલ ફાઇબર દ્વારા ઇન્ટરનેટમાં અવરોધ ઓછો આવે છે, કારણ કે...

1. તેમાં સિગ્નલ પ્રકાશ રૂપે મોકલાય છે, વીજ પ્રવાહ રૂપે નહીં.
2. ઇલેક્ટ્રોમેગ્નેટિક તરંગોની અસર થતી નથી.

ઉપરોક્તમાંથી ક્યું/કયાં કારણ/કારણો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 માંથી એક પણ નહિ

83. વૈશ્વિક નવીનતા સૂચકાંક વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વૈશ્વિક નવીનતા સૂચકાંક સંસ્થાઓ, માનવ મૂડી અને માળખાગત સુવિધા જેવા ઇનપુટ્સના આધારે નવીનતા ક્ષમતાઓનું મૂલ્યાંકન કરે છે.
2. આ સૂચકાંક અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ભાગીદારીમાં World Intellectual Property Organization (WIPO) દ્વારા સંયુક્ત રીતે પ્રકાશિત કરવામાં આવે છે.
3. સૌથી વધુ નવીનતા મૂલ્યાંકન ધરાવતા દેશો પણ સતત સૌથી વધુ માથાદીઠ જીડીપી નોંધે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

84. ધોળાવીરા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ધોળાવીરા ભારતમાં શોધાયેલ સૌથી મહત્વપૂર્ણ હડપ્પા નગરોમાંનું એક છે.
2. ધોળાવીરાના ખોદકામમાં મણકા, તોલ અને આભૂષણો મળ્યાં છે.
3. ધોળાવીરામાં સમુદ્રી વેપાર માટે ડોકયાર્ડ (ગોદી) અને સમુદ્રી તટપ્રદેશ હતાં.
4. ધોળાવીરાનું સ્થાપત્ય પથ્થરના વ્યાપક ઉપયોગ અને અનન્ય જળ વ્યવસ્થાપન માટે પ્રખ્યાત છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) ફક્ત 1, 3 અને 4

85. ભારતીય સંવિધાનને ઘણીવાર વિવિધ સ્રોતોમાંથી મેળવેલ જ્ઞાનના દસ્તાવેજ તરીકે વર્ણવવામાં આવે છે, જેમાં વિવિધ દેશોમાંથી સાબિત થયેલી બંધારણીય પ્રથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ તેને ભારતીય જરૂરિયાતોને અનુરૂપ બનાવવામાં આવ્યો છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંસદના સંયુક્ત સત્ર માટેની જોગવાઈ ઓસ્ટ્રેલિયન બંધારણમાંથી અપનાવવામાં આવી છે.
2. અનુચ્છેદ 21માં 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા'ની વિભાવના શરૂઆતમાં વિધાનસભાની સર્વોપરિતા જાળવવા માટે જાપાની બંધારણમાંથી અપનાવવામાં આવી હતી.
3. ભારત દ્વારા કેબિનેટ પ્રણાલી યુનાઇટેડ કિંગડમ દ્વારા અપનાવવામાં આવી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

86. જો સાંકેતિક ભાષા મુજબ 15*3 = 9, 60*4 = 48, 75*2 = 30 હોય, તો 10*4ની કિંમત શોધો.

(A) 20

(B) 6

(C) 8

(D) 12

87. સમતુલાની સ્થિતિમાંથી માંગ પુરવઠા કરતાં પ્રમાણમાં વધુ વધે છે. નવી સમતુલાની કિંમત અને ઉત્પાદનના સંદર્ભમાં આ પરિસ્થિતિનું સૌથી સંભવિત પરિણામ નીચેનામાંથી કયું છે?

(A) કિંમત બદલાતી નથી પણ ઉત્પાદન વધે છે.

(B) કિંમત ઘટે છે પણ ઉત્પાદન વધે છે.

(C) કિંમત વધે છે પણ ઉત્પાદન ઘટે છે.

(D) કિંમત અને ઉત્પાદન વધશે.

88. કયા સાંકડા અને છીછરા સમુદ્રે ભારત અને શ્રીલંકાને એકબીજાને અલગ કર્યા છે?

(A) પાલ્કની સામુદ્રધૂની

(B) મન્નારનો અખાત

(C) એડનનો અખાત

(D) સુન્દાની સામુદ્રધૂની

89. લોહી ચઢાવવાના સંદર્ભમાં, જો Rh પરિબળની સુસંગતતાનું ધ્યાન રાખવામાં આવે તો, નીચે આપેલી દાતા (Donor) અને ગ્રાહક (Recipient) ની જોડીઓમાંથી કઈ જોડીઓ સ્વીકાર્ય છે?

1. દાતા: O+ → ગ્રાહક: AB+

2. દાતા: A– → ગ્રાહક: A+

3. દાતા: B+ → ગ્રાહક: O+

4. દાતા: AB+ → ગ્રાહક: A+

5. દાતા: O– → ગ્રાહક: AB–

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 5

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 3 અને 4

(D) ફક્ત 1, 2 અને 5

90. વૈશ્વિક વસ્તી વિષયક મૂલ્યાંકન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળ સમયાંતરે વસ્તીના વલણો અને દેશોમાં વસ્તી વિષયક ફેરફારો પર અહેવાલો બહાર પાડે છે.
2. ભારતની વસ્તી ચીન કરતાં વધુ હોવાની માહિતી, સંપૂર્ણ વસ્તી ગણતરીને બદલે, વસ્તી વિષયક ગાણિતિક માળખાં અને આંકડાકીય અંદાજોના આધારે મેળવવામાં આવી હતી.
3. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળ દ્વારા પ્રકાશિત વસ્તી વિષયક ડેટા નીતિ ઘડતર માટે સભ્ય રાજ્યો પર કાયદેસર રીતે બંધનકર્તા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 2 અને 3

91. વિધાન (A) : મૌર્ય સ્તંભો તેમની બાંધકામ પદ્ધતિમાં આર્મેનિયન સ્તંભોથી અલગ છે.

કારણ (R) : આર્મેનિયન સ્તંભો એક જ શિલાખંડમાંથી કોતરવામાં આવ્યા હતા, જ્યારે મૌર્ય સ્તંભો ટુકડાઓમાં બનાવી કડિયાઓ દ્વારા ભેગા કરવામાં આવ્યા હતા.

નીચે પૈકી કયું યોગ્ય છે?

(A) (A) અને (R) બંને સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે.
(B) (A) અને (R) બંને સાચા છે, પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી.
(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

92. ભારત આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા પ્રત્યેની તેની બંધારણીય પ્રતિબદ્ધતાના કારણે, સંયુક્ત રાષ્ટ્ર શાંતિસેના કાર્યવાહીઓમાં સૌથી મોટા અને સૌથી સુસંગત યોગદાનકર્તાઓમાંનું એક છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આંતરરાષ્ટ્રીય કાયદા માટે માન વધારવા અને આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવવામાં યોગદાન આપવા માટે ભારતની સહભાગિતા માટે આ સત્તાવાર અને બંધારણીય તર્ક છે.
2. સંયુક્ત રાષ્ટ્ર શાંતિસેના મિશન એ બિન-આક્રમક, તટસ્થ કામગીરી છે અને ભારત તેનો ઉપયોગ પ્રાદેશિક વિસ્તરણ અથવા આર્થિક શોષણ માટે કરતું નથી, જે શાંતિ રક્ષાના મૂળ સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરશે.
3. જ્યારે જ્યારે ભારત સૈનિકોબળો પૂરા પાડે છે, ત્યારે તેઓ સંયુક્ત રાષ્ટ્રના કાર્યકારી આદેશ હેઠળ મૂકવામાં આવે છે. સંમતિ, નિષ્પક્ષતા અને આત્મરક્ષણ સિવાય બળનો ઉપયોગ ન કરવાના પાલન તમામ યોગદાન આપનાર રાષ્ટ્રો માટે ફરજિયાત છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

93. રોહિત એક ચોક્કસ સ્થાનથી 8 કિ.મી દક્ષિણ તરફ જાય છે અને ત્યારબાદ જમણી તરફ 6 કિ.મી જાય છે, તો તે પોતાના મૂળ સ્થાનથી કેટલા અંતરે અને કઈ દિશા તરફ પહોંચશે?

(A) 14 કિ.મી, દક્ષિણ

(B) 14 કિ.મી, દક્ષિણ પૂર્વ

(C) 10 કિ.મી, દક્ષિણ પશ્ચિમ

(D) 10 કિ.મી, દક્ષિણ પૂર્વ

94. નેશનલ મોનિટાઈઝેશન પાઇપલાઇન (NMP) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. NMP ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ બંને પ્રોજેક્ટસમાં ખાનગી ક્ષેત્રના રોકાણને મંજૂરી આપે છે.

2. NMP હેઠળ ફક્ત મહેસૂલ અધિકારો ખાનગી ક્ષેત્રને હસ્તાંતરિત કરવામાં આવશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

95. વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન (WTPS) ગુજરાતમાં કઈ નદીના કિનારે આવેલું છે?

(A) મહી

(B) સાબરમતી

(C) નર્મદા

(D) તાપી

96. બાયોગેસ પ્લાન્ટના ડાયજેસ્ટર (Digester) માં જૈવિક કચરાનું વિઘટન કરીને બાયોગેસ ઉત્પન્ન કરવાની મુખ્ય પ્રક્રિયા કઈ પરિસ્થિતિમાં થાય છે?

(A) હવા અથવા ઓક્સિજનની સંપૂર્ણ હાજરીમાં

(B) ઉચ્ચ દબાણ અને ઉચ્ચ તાપમાન હેઠળ

(C) હવા અથવા ઓક્સિજનની ગેરહાજરીમાં

(D) ફક્ત અલ્ટ્રાવાયોલેટ (UV) પ્રકાશના સંપર્કમાં

97. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પાંચ સ્થાયી સભ્યો પાસે વીટો પાવર છે.

2. જર્મની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું બિન-સ્થાયી સભ્ય છે, પરંતુ સુધારા પ્રસ્તાવો દ્વારા કાયમી સભ્યપદ માંગ્યું છે.

3. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું ચાર્ટર કાયમી સભ્યપદ માટેના માપદંડ તરીકે પ્રાદેશિક પ્રતિનિધિત્વની જોગવાઈ કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) ફક્ત 1 અને 3

98. નીચેની જોડીઓને ધ્યાનમાં લો:

1. મથુરા શૈલી (કુષાણ યુગ) – ભરાવદાર શરીર, પહોળા ખભા, ખભા ઢાંકે તેવું સંઘાટી, સુશોભિત હેલો

2. ગાંધાર શૈલી – ગ્રીક-રોમન પ્રભાવ; ગૂંથેલા વાળ, તિક્ષ્ણ આકૃતિ, પ્રકાશ-છાંયાનું સંયોજન

3. સારનાથ શૈલી (ગુપ્તયુગ) – પારદર્શક વસ્ત્ર, નાજુક રેખાઓ, સાદો હેલો

4. અમરાવતી શૈલી – વાર્તાત્મક મૂર્તિકલા, ત્રિભંગાદિ ભંગિમા, ગતિશીલતા

ઉપરોક્તમાં કઈ જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

99. અનુચ્છેદ 32 નાગરિકોને તેમના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય તો સર્વોચ્ચ ન્યાયાલયનો સંપર્ક કરવાની સત્તા આપે છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નાગરિકોને તેમના મૂળભૂત અધિકારો લાગુ કરવા માટે સીધા સર્વોચ્ચ ન્યાયાલયમાં રિટ અરજીઓ દાખલ કરવાનો અધિકાર છે.

2. મૂળભૂત અધિકારો લાગુ કરવા માટે નાગરિકો વડી અદાલતને અરજી કરી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

100. આપેલ શબ્દ સમૂહમાંથી અલગ પડતો શબ્દ શોધો

(A) ચોરસ

(B) ત્રિકોણ

(C) નળાકાર

(D) લંબચોરસ

101. એક પર્વતારોહક ખૂબ ઊંચાઈએ ઝડપથી શ્વાસ લે છે, છતાં તેને નબળાઈ અને ચક્કર આવે છે. કોષસ્તરે (cellular level) કઈ પ્રક્રિયા આ પરિસ્થિતિને સૌથી યોગ્ય રીતે સમજાવે છે?

(A) ઑક્સિજનના અભાવને કારણે અજારક શ્વસન (Anaerobic respiration) થાય છે, પરિણામે ઓછી ઊર્જા ઉત્પન્ન થાય છે.

(B) ઑક્સિજન ઓછો હોવાથી ગ્લાયકોલિસિસ (Glycolysis) સંપૂર્ણપણે બંધ થઈ જાય છે.

(C) વધુ ઑક્સિજન રક્ત પ્લાઝ્મામાં દ્રાવ્ય થાય છે, જેના કારણે હિમોગ્લોબિન સાથેનું બંધન ઘટે છે.

(D) વધારાનો કાર્બન ડાયોક્સાઇડ ATP ઉત્પાદનની કાર્યક્ષમતા વધારી આપે છે.

102. ભારતમાં ફુગાવા નિયમન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા ગ્રાહક ભાવ સૂચકાંકનો ઉપયોગ કરીને ફુગાવાને લક્ષ્યાંકિત કરે છે.

2. ભારત RBI અને નીતિ આયોગ દ્વારા સંયુક્ત રીતે નિર્ધારિત પરિવર્તનક્ષમ ફુગાવા-લક્ષ્યાંકિત માળખાનું પાલન કરે છે.

3. નાણાકીય નીતિ સમિતિના નિર્ણયોને ન્યૂનતમ સભ્ય સંખ્યાની જરૂર છે, જેના નિષ્ફળ થવા પર RBI ગવર્નર સ્વતંત્ર રીતે પોલીસી દર નક્કી કરી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

103. ગુજરાતી લોકપરંપરામાં ફટાણાં કયાં પ્રકારનાં ગીતો છે?

1. લગ્ન પ્રસંગે પરિવારો વચ્ચે હળવું હાસ્ય અને આનંદનું વાતાવરણ સર્જવા માટે ગવાતાં ગીતો.

2. મુખ્યત્વે સ્ત્રીઓ દ્વારા લગ્ન ઉત્સવોમાં ગવાતાં લોકગીતો.

3. વહેલી સવારે ગવાતાં ગીતો, જેમાનાં ઘણાં નરસિંહ મહેતાએ રચ્યાં હતાં.

નીચેમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

104. સહકારી સમવાયતંત્ર રાષ્ટ્રીય નીતિઓનું ઘડતર કરતી વખતે કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનું સંકલન સુધારવામાં મદદ કરે છે. તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજ્યો કેન્દ્રને સામેલ કર્યા વિના સંપૂર્ણપણે પોતાના પર તમામ મુખ્ય કર લાદી અને બદલી શકે છે.

2. જીએસટી પરિષદ એક એવા આધાર તરીકે કાર્ય કરે છે જ્યાં કેન્દ્ર અને રાજ્યો બંને સાથે મળીને કરવેરા સંબંધિત નિર્ણયો લે છે.

3. કેન્દ્ર સરકાર રાજ્યોને કોઈપણ પ્રકારનો નાણાકીય સહકાર સંપૂર્ણપણે નકારી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

105. રૂચિ પોસ્ટઓફિસમાં પ્રથમ વર્ષે ₹500, બીજા વર્ષે ₹800, ત્રીજા વર્ષે ₹1100 એમ શ્રેણીમાં રોકાણ કરે છે. તેણી ₹8000નું રોકાણ કેટલામા વર્ષે કરશે?

(A) 25

(B) 40

(C) 16

(D) 26



[Contd.

106. પ્રાદેશિક વેપાર કરારો (RTAs) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. RTAs એ ચોક્કસ ભૌગોલિક ક્ષેત્રમાં બે કે તેથી વધુ દેશો વચ્ચે મુક્ત વેપારને સરળ બનાવવા માટે કરવામાં આવતી સંધિઓ છે.

2. છેલ્લાં ઘણાં વર્ષોમાં RTAsની સંખ્યામાં ઘટાડો થયો છે.

3. નિયમોને આધીન, WTO હેઠળ RTAs અધિકૃત છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

107. લિથિયમ સંસાધનો (એક જટિલ ખનિજ) અને તેના ભૌગોલિક વિતરણ પર વધતા વૈશ્વિક ધ્યાનનાં સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દક્ષિણ અમેરિકાનો 'લિથિયમ ત્રિકોણ (Lithium Triangle)', જેમાં ચિલી, આર્જેન્ટિના અને બોલિવિયાના ભાગોનો સમાવેશ થાય છે, તે લિથિયમના સૌથી મોટા જાણીતા અનામત જથ્થાઓ ધરાવે છે.

2. જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં લિથિયમ ક્ષેત્રો હસ્તગત કરવા અને તેનું અન્વેષણ કરવાના ભારતના તાજેતરના પ્રયાસો, ઇલેક્ટ્રિક વાહન (EV) બેટરીના ઘરેલું ઉત્પાદન માટે મહત્વના છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ



MaruGujarat.in

108. નીચેના પૈકી કયું/કયાં વિધાન/નો તણાવ (stress) દરમિયાન હોર્મોનલ પ્રતિસાદને યોગ્ય રીતે વર્ણવે છે?

1. એડ્રેનાલિન હૃદયના ધબકારા વધારે છે અને શ્વસન માર્ગોને પહોળા કરે છે જેથી શરીર "લડો અથવા ભાગો" (fight or flight) માટે તૈયાર થઈ શકે.

2. ઇન્સ્યુલિન મુક્ત થાય છે જેથી રક્તમાં શુગરની માત્રા વધે અને સ્નાયુઓને ઊર્જા મળી રહે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

109. પેરિસ કરાર હેઠળ વૈશ્વિક આબોહવા પ્રતિબદ્ધતાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કરાર હેઠળ દેશો દ્વારા રજૂ કરવામાં આવેલા રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન કાનૂની રીતે બંધનકર્તા છે.

2. વિકસિત દેશોએ વિકાસશીલ રાષ્ટ્રોને શમન અને અનુકૂલનને ટેકો આપવા માટે આબોહવા/ જલવાયુ માટે નાણાં પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

110. ગુજરાતમાં ભક્તો કેટલાક તીર્થસ્થળો સુધી પહોંચવા માટે યોજિત પરંપરાગત પદયાત્રા કરે છે.

1.પાવાગઢ 2. અંબાજી 3. ડાકોર 4. સોમનાથ

ઉપર પૈકી કયાં મંદિરો માટે આવી પદયાત્રાની પરંપરા જાણીતી છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

111. 73મો બંધારણીય સુધારો અધિનિયમ, 1992, લોકશાહી વિકેન્દ્રીકરણ અને ગ્રામ સ્વરાજ્યના ઉદ્દેશને સાકાર કરવા માટે સંવિધાનમાં ભાગ- 9 દાખલ કર્યો, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સ્થાનિક સ્વશાસન પ્રતિનિધિઓને સમુદાય પ્રત્યે સીધા જવાબદાર બનાવીને, તેમના ઉત્તરદાયિત્વને મજબૂત કરે છે.
2. આ સુધારાનો હેતુ દરેક રાજ્યમાં સ્થાનિક શાસનની ત્રિ-સ્તરીય પ્રણાલી સ્થાપિત કરવાનો છે.
3. પંચાયતી રાજ સંસ્થાઓનો પ્રાથમિક હેતુ અગિયારમી અનુસૂચિમાં સૂચિબદ્ધ વિષયો સંબંધિત નિર્ણય લેવાની સત્તા સાથે સ્થાનિક સંસ્થાઓને સશક્ત બનાવવાનો છે.

ઉપર આપેલા કયું/કયાં વિધાન/વિધાનો 73મા બંધારણીય સુધારો અધિનિયમની હેતુપૂર્વકની અસરો અને જોગવાઈઓને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

112. કોલેજના એક વર્ગમાં 40 વિદ્યાર્થીઓએ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રમાંથી ઓછામાં ઓછો એક વૈકલ્પિક વિષય પસંદ કરવાનો છે. જો 24 વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્ર પસંદ કરે છે અને 3 વિદ્યાર્થીઓ બંને વિષયો પસંદ કરે છે, તો કેટલા વિદ્યાર્થીઓ માત્ર આંકડાશાસ્ત્ર પસંદ કરે છે?

(A) 13
(B) 16
(C) 19
(D) અપૂરતી માહિતી

113. રાજકોષીય નીતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજકોષીય નીતિ સરકારી ખર્ચ અને કરવેરા સાથે સંબંધિત છે.
2. રાજકોષીય નીતિનો અર્થતંત્રના એકંદર પ્રદર્શન પર ઊંડો પ્રભાવ પડે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



MaruGujarat.in

114. નીચેના આંતરરાષ્ટ્રીય વ્યાપાર માર્ગો (international trade routes) અને ભારત માટે તેમનું મહત્વ ધ્યાનમાં લો:

1. મલાક્કાની સામુદ્રધુની – ભારતના તેલની આયાત માટેનો મુખ્ય માર્ગ.
2. સુએઝ નહેર – યુરોપ સાથે ભારતના વેપાર માટેનો સૌથી ટૂંકો દરિયાઈ માર્ગ.
3. પનામા નહેર – આફ્રિકા સાથે ભારતના વેપાર માટેનો પ્રાથમિક માર્ગ.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2, અને 3

115. પ્રેશર કુકરમાં થતી રાંધણ પ્રક્રિયા સંદર્ભે નીચેના વિધાનો ધ્યાને લો:

1. કુકરની અંદર વરાળનું દબાણ વધવાથી પાણીનું ઉત્કલનબિંદુ 100°C થી વધીને આશરે 120°C સુધી પહોંચે છે, જેથી ખોરાક ઝડપથી પાકે છે.
2. પ્રેશર કુકર એક 'ઓક્સિડેટિવ ચેમ્બર' તરીકે વર્તે છે, જ્યાં ઉચ્ચ દબાણ હેઠળ ઓક્સિજન ખોરાકની પેશીઓમાં ઊંડે સુધી ઉતરીને વિટામિન્સનું વિઘટન ઝડપી બનાવે છે.
3. ઊંચા તાપમાન અને દબાણને કારણે કઠોળ અને શાકભાજીમાં રહેલા સેલ્યુલોઝનું જળવિભાજન (Hydrolysis) ઝડપી બને છે, પરિણામે તે જલ્દી નરમ થઈ જાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

 [Contd.

MaruGujarat.in

116. કામચલાઉ અર્થતંત્ર (Gig Economy) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કામચલાઉ કામદારોને સામાન્ય રીતે ઔપચારિક કર્મચારીઓ ને બદલે સ્વતંત્ર ઠેકેદારો તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.
2. કામચલાઉ અર્થતંત્રમાં માત્ર ડિજિટલ માધ્યમ આધારિત કાર્યનો સમાવેશ થાય છે અને કરાર આધારિત ઓફલાઇન સેવાને બાકાત રાખવામાં આવે છે.
3. ભારતમાં કામચલાઉ કામદારો માટે સામાજિક સુરક્ષા કવચ સામાજિક સુરક્ષા સંહિતા, 2020 હેઠળની જોગવાઈઓ દ્વારા સક્ષમ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

117. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અનુસાર યજ્ઞ પરંપરા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. યજ્ઞ દરમિયાન ઘી, અનાજ અને વાનસ્પતિક દ્રવ્યોનું દહન/વાયુરૂપ થવાથી શુદ્ધ પદાર્થો ઉત્પન્ન થાય છે.
2. મંત્રોચ્ચારથી ઉત્પન્ન ધ્વનિતરંગો વાતાવરણ અને ભાગ લેનારના મન પર અસર કરે છે, તેવું માનવામાં આવે છે.
3. યજ્ઞ માનવ ઈચ્છાઓ અને અહંકાર ઉચ્ચ ચેતનાને અર્પણ કરવાનું પ્રતીક છે.
4. યજ્ઞના લાભો ફક્ત કરનાર લોકો સુધી સીમિત રહેવાના બદલે સમગ્ર વાતાવરણને પ્રભાવિત કરે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1 અને 4

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2, 3 અને 4



MaruGujarat.in

118. બંધારણીય જોગવાઈઓની મદદથી, સામાજિક ન્યાય પ્રણાલીગત અસમાનતાઓને સુધારીને લાંબા સમયથી વંચિત સમુદાયોને સમાન સ્તર પર લાવવાનું લક્ષ્ય રાખે છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ વિધાન ભેદભાવ ન કરવાના મૂળભૂત સિદ્ધાંત અને અનામત પ્રાવધાન (સુરક્ષાત્મક ભેદભાવ) માટેની જોગવાઈ વચ્ચેના બંધારણના સંતુલનને ચોક્કસ રીતે પ્રતિબિંબિત કરે છે.
2. હકારાત્મક કાર્યવાહી મુખ્યત્વે મૂળભૂત અધિકારો (અપવાદરૂપે અનુચ્છેદ 14 સિવાય) દ્વારા લાગુ કરવામાં આવે છે અને ભારતીય બંધારણ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત અધિકારો, બંને દ્વારા સામાજિક ન્યાય માટે જોગવાઈ કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

119. એક શાળામાં 300 કર્મચારીઓ છે. તેમાંથી 70% શૈક્ષણિક વિભાગમાં, 40% ખેલકૂદ પ્રવૃત્તિ વિભાગમાં અને 30% બંને વિભાગમાં કાર્યરત છે, તો કેટલા કર્મચારીઓ આ બંનેમાંથી એક પણ વિભાગમાં નથી?

(A) 30
(B) 120
(C) 60
(D) અપૂરતી માહિતી

120. 2025-26ના કેન્દ્રીય બજેટ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તમામ Micro Small and Medium Enterprises (MSMEs) ના વર્ગીકરણ માટે રોકાણ અને ટર્ન ઓવર મર્યાદા વધારવામાં આવી.
2. નવા આવકવેરા માળખાથી મધ્યમ વર્ગના કરમાં નોંધપાત્ર ઘટાડો થશે અને તેથી તેમનો વપરાશ વધશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

MaruGujarat.in

121. ગુજરાતના અર્થતંત્ર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગુજરાત ભારતમાં મીઠાનો સૌથી મોટો ઉત્પાદક છે.

2. ગુજરાતમાં ડેરી ક્ષેત્રમાં મુખ્યત્વે સહકારી મૉડલ પ્રભુત્વ ધરાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

122. નીચે પૈકી કયાં ઉપકરણોમાં બહિર્ગોળ અરીસા (Convex Mirror) નો ઉપયોગ થાય છે?

1. દાઢી બનાવવાનો અરીસો

2. વાહનમાં પાછળનું દૃશ્ય જોવા માટેનો રિયર-વ્યૂ અરીસો

3. ટ્રાફિક જંકશન અથવા પાર્કિંગમાં દેખરેખ માટે વપરાતો વાઇડ-ઍંગલ અરીસો

4. સોલાર ભઠ્ઠી

5. ATM / દુકાનમાં નિરીક્ષણ માટે લાગેલા ડોમ અરીસા

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4

(B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 2, 3 અને 5

(D) ફક્ત 3 અને 5

123. ભારતના ગ્રીન હાઇડ્રોજન પહેલ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન અને વૈશ્વિક નિકાસ ક્ષમતા વધારવા માટે, ભારત સરકારે રાષ્ટ્રીય ગ્રીન હાઇડ્રોજન મિશન શરૂ કર્યું છે.

2. વિશેષ ગ્રીન હાઇડ્રોજન નીતિની જાહેરાત કરનાર ભારતનું પ્રથમ રાજ્ય રાજસ્થાન બન્યું.

3. ભારતમાં ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન માત્ર કાર્બન ગ્રહણ સાથે સંયોજિત કોલસો-ગેસિફિકેશન ટેકનોલોજી પર આધારિત છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2 અને 3

124. ગુજરાતમાં જાળીકામ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મોઢેરાના સૂર્યમંદિરમાં પ્રારંભિક જાળીકામનાં ઉદાહરણો છે.
2. જાળીકામ હિંદુ, જૈન અને ઇન્ડો-ઇસ્લામિક પ્રભાવનું સંશ્લેષણ દર્શાવે છે.
3. ગુજરાતમાં સિદ્દી સૈયદ અને રાણી સિપ્રિની મસ્જિદ શ્રેષ્ઠ ઉદાહરણો છે.
4. પરંપરાગત રીતે જાળીકામ લાકડામાંથી બનાવાતું હતું અને પથ્થરનો દેખાવ કરવા રંગાતું હતું.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1 અને 4

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2, 3 અને 4

125. ઔપચારિક સમાનતાથી વાસ્તવિક સમાનતા તરફનું પરિવર્તન એ સમાન વ્યવહારમાંથી પ્રસ્થાપિત અસમાનતાઓને સુધારવા માટે સમાનતા આધારિત સુધારા તરફનો બદલાવ દર્શાવે છે. કયું તર્ક ભારતના સામાજિક-બંધારણીય સંદર્ભમાં વાસ્તવિક સમાનતા શા માટે આવશ્યક છે તે શ્રેષ્ઠ રીતે વ્યક્ત કરે છે?

(A) વિશેષાધિકૃત જૂથોને મહત્તમ સમર્થનની જરૂર છે.

(B) સમાનતા માત્ર સંપત્તિ પર આધારિત હોવી જોઈએ.

(C) બધા જૂથોને સમાન પરિણામો મળવા જોઈએ.

(D) માત્ર ઔપચારિક સમાનતા દ્વારા ઐતિહાસિક અન્યાય સુધારી શકાતો નથી.

126. કૃષિ સબસિડી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કૃષિ સબસિડી બે પ્રકારની હોય છે - પ્રત્યક્ષ અને પરોક્ષ
2. વૈશ્વિક બજારમાં કૃષિ ઉત્પાદનોને વધુ સ્પર્ધાત્મક બનાવવાં પરોક્ષ કૃષિ સબસિડી આપવામાં આવે છે.
3. WTO એ વિકસિત અને વિકાસશીલ બંને રાષ્ટ્રો માટે ફક્ત પ્રત્યક્ષ સબસિડીની રકમ પર કેટલીક મર્યાદાઓ મૂકે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

MaruGujarat.in

127. ભારતમાં લિંગ ગુણોત્તર (સ્ત્રી-પુરુષનું પ્રમાણ) અંગે નીચેના વિધાનો ધ્યાને લો:
1. વસ્તી ગણતરી 2011 મુજબ, કેરળ ભારતનું ફક્ત એક રાજ્ય છે જ્યાં દર 1000 પુરુષોએ 1000 કરતાં વધુ સ્ત્રીઓ નોંધાયેલ હતી.
2. ભારતમાં બાળ લિંગ ગુણોત્તર (Child Sex Ratio - 0-6 વર્ષ) માં 1961ની વસ્તી ગણતરીથી લઈને 2011ની વસ્તી ગણતરી સુધી સતત ઘટાડો જોવા મળ્યો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

128. નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. સખત પાણીવાળા વિસ્તારોમાં સામાન્ય સાબુથી કપડાં ધોવાથી ચીકણો પડ (scum) રહી જાય છે.
2. તેમ છતાં,આધુનિક કૃત્રિમ ડિટર્જન્ટ્સ એ જ પાણીમાં અસરકારક રીતે સફાઈ કરે છે.

ઉપરના વિધાનોમાં રહેલા તફાવતને સમજાવવા માટે સૌથી યોગ્ય વૈજ્ઞાનિક કારણ કયું છે?

(A) ડિટર્જન્ટ્સ $Ca^{2+}$ અને $Mg^{2+}$ આયન સાથે મલમલિયો પડ (curdy scum) બનાવે છે.

(B) ડિટર્જન્ટ્સમાં કાર્બોક્સિલેટ જૂથો હોય છે જે કઠોરતા (hardness) દૂર કરે છે.

(C) ડિટર્જન્ટ્સ $Ca^{2+}$ અને $Mg^{2+}$ આયન સાથે અઘટિત અવક્ષેપ (insoluble precipitate) બનાવતા નથી.

(D) ડિટર્જન્ટ્સ પાણીનું તાપમાન વધારી દે છે, જેના કારણે મેલ દૂર થાય છે.

129. માનવ વિકાસ સૂચકાંક વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. માનવ વિકાસ સૂચકાંકની ગણતરી આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણના સૂચકાંકોનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.
2. વિશ્વ બેંક દ્વારા તેના વૈશ્વિક વિકાસ મૂલ્યાંકનના ભાગરૂપે વાર્ષિક ધોરણે માનવ વિકાસ સૂચકાંક પ્રકાશિત કરવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

130. ગુજરાતનાં નીચેનાં પૈકી કયાં લોકનૃત્યોનાં નામ તેમાં વપરાતા સાધન અથવા ઉપકરણ પરથી પડ્યાં છે?

1. ડાંડીયા રાસ 2. ટીપ્પણી નૃત્ય 3. હૂડો 4. ગરબી

નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2 અને 4

(D) 1, 2, 3 અને 4

131. ભારતની સમવાયી પ્રણાલી અત્યંત વૈવિધ્યસભર દેશમાં એકતા જાળવી શકાય તે માટે કેન્દ્ર સરકારને વિશેષ સત્તાઓ આપે છે. તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મજબૂત કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના રક્ષણમાં મદદ કરે છે.

2. ભારતીય સમવાયી પ્રણાલી હેઠળ રાજ્યો સંપૂર્ણ અને અમર્યાદિત સ્વાયત્તતા ભોગવે છે.

3. કેન્દ્ર સરકાર માત્ર પ્રતીકાત્મક સત્તાધિકાર તરીકે જ છે, તેની પાસે કોઈ વાસ્તવિક સત્તા નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

★ નીચેની માહિતીને આધારે પ્રશ્ન 132 અને 133ના જવાબ આપો.

132. જયેશ પાસે ₹10, ₹20 અને ₹50ની ચલણી નોટો છે. જેની કુલ કિંમત ₹12,000 છે. જો દરેક ચલણી નોટની સંખ્યા સમાન હોય તો કુલ કેટલી નોટ હશે?

(A) 150 (B) 300

(C) 450 (D) 900

133. ₹50ની નોટની કુલ કિંમત કેટલી થશે?

(A) ₹3000 (B) ₹6000

(C) ₹4500 (D) ₹7500



[Contd.

134. ભારતમાં ખનિજો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. દેશમાં કોઈ પણ મહત્વપૂર્ણ ખનિજોનો પૂરતો ભંડાર નથી અને તે સંપૂર્ણપણે ચીની આયાત પર નિર્ભર છે.
2. અર્થતંત્ર ઇલેક્ટ્રિક વાહનો અને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ તરફ આગળ વધશે તેમ ખનિજોની ભૂમિકા વધશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

135. ગુજરાતની આદિવાસી વસ્તીના સંદર્ભમાં, નીચેની જોડીઓ ધ્યાનમાં લો:

| પ્રદેશ | પ્રબળ આદિજાતિઓ (Dominant Tribes) |
|---|---|
| 1. ડાંગ (દક્ષિણ ગુજરાત) | ભીલ અને કુંકણા |
| 2. બનાસકાંઠા (ઉત્તર ગુજરાત) | ગરાસિયા |
| 3. કચ્છ | સિદ્દી |

ઉપરોક્ત જોડીઓમાંથી કેટલી જોડીઓ સાચી રીતે જોડાયેલી છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2 અને 3

136. એક પક્ષી ઉચ્ચ વોલ્ટેજ ધરાવતી પાવર લાઇનના એક જ તાર પર બેસે છે, છતાં તેને વીજળીનો ઝટકો લાગતો નથી. નીચેમાંથી કઈ સમજૂતી સૌથી યોગ્ય છે?

1. પક્ષીનું શરીર અવાહક (non-conducting) છે, તેથી પક્ષીમાંથી પ્રવાહ પસાર થઈ શકતો નથી.
2. પક્ષી ફક્ત એક જ તાર સાથે સંપર્કમાં છે, તેથી પ્રવાહ પસાર થવા માટે કોઈ માર્ગ નથી.
3. તારની આસપાસનું ચુંબકીય ક્ષેત્ર પક્ષીના શરીરમાંથી વહેતા પ્રવાહને શૂન્ય કરી દે છે.
4. તાર અને પક્ષી એક જ વિદ્યુત સ્થિતિમાન (electric potential) પર છે, તેથી પ્રવાહ વહેતો નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

137. ભારતમાં મહિલા અનામત સુધારા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ સુધારો લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે બેઠકોના અનામતની જોગવાઈ કરે છે.
2. આ અનામતનો અમલ આગામી વસ્તી ગણતરી અને ત્યારબાદના સીમાંકનની સમાપ્તિ પર આધારિત છે.
3. આ સુધારો પહેલેથી જ અમલમાં આવી ગયો છે અને 2024 પછી યોજાયેલી તમામ ચૂંટણીઓને લાગુ પડે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

138. ગુજરાતી સંસ્કૃતિમાં પરંપરાગત લગ્નગીત કેવી રીતે ઓળખી શકાય?

1. તે મૌખિક પરંપરાથી પેઢીથી પેઢી સુધી અને લોકોમાં લગ્ન પ્રસંગે ગવાય છે.
2. તેના સર્જકનું કોઈ નિશ્ચિત નામ હોતું નથી.
3. તેના શબ્દો અને ભાષા નિશ્ચિત હોય છે અને પરિવારો અને સમુદાયો પ્રમાણે બદલાઈ શકતા નથી.

નીચેમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

139. ન્યાયિક સમીક્ષા ન્યાયાલયોને સંસદની કાર્યવાહી બંધારણીય સીમાઓમાં રહે છે કે નહીં તે તપાસવાની મંજૂરી આપે છે. તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ન્યાયિક સમીક્ષા ન્યાયાલયોને સંવિધાનના મૂળભૂત માળખાને ખોટી રીતે બદલવાથી સુરક્ષિત કરવામાં મદદ કરે છે.
2. ન્યાયિક સમીક્ષા કાયદા ઘડતરની સત્તા સંસદમાંથી કારોબારી શાખામાં સ્થાનાંતરિત કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

MaruGujarat.in



[Contd.

140. એક છાપખાનામાં સમાન ક્ષમતા ધરાવતા 6 પ્રિન્ટર એક મિનિટમાં 900 પાનાં છાપી શકે છે, તો આવા 20 પ્રિન્ટર 16 મિનિટમાં કેટલાં પાનાં છાપી શકે?

(A) 48,000
(B) 40,000
(C) 2,88,000
(D) 45,000

141. જો પ્રશ્ન 140માં પ્રિન્ટરનીસંખ્યા 8ની કરવામાં આવે તો પ્રશ્ન 140નાં જવાબમાં આવેલ પાનાં છાપવા 8 પ્રિન્ટર કેટલી મિનિટ લેશે?

(A) 30
(B) 40
(C) 20
(D) 24

142. ઇજારાયુક્ત હરિફાઈના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ બજાર માળખામાં વેચનાર ઓછા છે પણ ખરીદનાર ઘણા છે.
2. પેઢીઓની મુક્ત અવરજવર આ બજારમાં શક્ય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

143. ભારતમાં 'નિગ્રિટો' માનવ પ્રજાતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેમને ભારતીય ઉપખંડના સૌથી જૂના રહેવાસીઓ માનવામાં આવે છે.
2. આ વંશીય જૂથના અવશેષો હજુ પણ અંદમાન ટાપુઓમાં અને કેરળની કદાર આદિજાતિઓમાં જોવા મળે છે.
3. તેઓ ઊંચા કદ અને સીધા વાળ જેવી લાક્ષણિકતા ધરાવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

144. સોડિયમ અને પોટેશિયમને કેરોસિનમાં શા માટે રાખવામાં આવે છે?

(A) તેઓ રૂમ તાપમાને બાષ્પીભવન પામે છે.

(B) તેઓ ઑક્સિજન સાથે પ્રતિક્રિયા કરીને સુપરઑક્સાઇડ બનાવે છે.

(C) તેઓ ઑક્સિજન અને પાણી બંને સાથે અત્યંત પ્રતિક્રિયાશીલ છે.

(D) તેઓ હવામાં રહેલા $CO_2$થી કાટગ્રસ્ત (corroded) થઈ જાય છે.

145. ભારતની પૂર્વ જોડાણની પહેલો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારત - મ્યાનમાર - થાઇલેન્ડ ત્રિપક્ષીય રાજમાર્ગ દક્ષિણ એશિયા અને દક્ષિણપૂર્વ એશિયા વચ્ચે ભૌતિક સંલગ્નતા વધારવાનો લક્ષ્યાંક ધરાવે છે.
2. આ યોજનાના મુખ્ય રૂપરેખાના ભાગરૂપે માર્ગ અને રેલવે બંનેના વિકાસનો સમાવેશ થાય છે.
3. ત્રિપક્ષીય હાઇવે દ્વારા જમીન માર્ગો દ્વારા ભારતને મુખ્ય એશિયાઈ બજારો સાથે જોડીને પ્રાદેશિક વેપારમાં સુધારો થવાની અપેક્ષા છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

146. નીચેના પૈકી કયું જોડકું ગુજરાતમાં પરંપરાગત રીતે વપરાતા લોકવાદ્યોનું યોગ્ય પ્રતિનિધિત્વ કરે છે?

1. ઢોલ અને નગારું
2. તબલા અને પખવાજ
3. કાંસીજોડાં અને ઢોલ
4. શેહનાઈ અને તબલા

નીચેમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 3

(D) ફક્ત 2 અને 4

147. મૂળભૂત માળખાનો સિદ્ધાંત સંસદને તેના આવશ્યક લોકતાંત્રિક પાયાને બદલતા અટકાવીને સંવિધાનનું રક્ષણ કરે છે. તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ સિદ્ધાંત માટે જરૂરી છે કે દરેક બંધારણીય સુધારાને સૌ પ્રથમ વિદેશી સંસ્થાઓ દ્વારા મંજૂર કરવામાં આવે.

2. આ સિદ્ધાંતની ગેરહાજરીમાં, સંસદ ન્યાયિક સ્વતંત્રતા કે મુક્ત ચૂંટણીઓ જેવા મૂળભૂત લોકતાંત્રિક મૂલ્યોને પણ દૂર કરી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

148. નીચે આપેલા શબ્દો પૈકી કયો 'CAPITALIZATION'માંથી નહીં બને?

(A) CAPTION

(B) ITALIC

(C) LACTIC

(D) CAPTAIN

149. ભારતમાં હરિયાળી ક્રાંતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતના બધા પ્રદેશોમાં હરિયાળી ક્રાંતિ એકસરખી રીતે ફેલાઈ ન હતી.

2. ઊંચી ઊપજ આપતી જાતોનાં બીજ ખૂબ મોંઘા હતાં.

3. આ ક્રાંતિને કારણે સમય જતાં શ્રીમંત અને ગરીબ ખેડૂતો વચ્ચેનો આર્થિક તફાવત ઘટ્યો.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3



MaruGujarat.in

150. ભારતમાં લોખંડ અને સ્ટીલ ઉદ્યોગના વિતરણ વિશે વિધાનો ધ્યાને લો:

1. ભિલાઈ સ્ટીલ પ્લાન્ટની સ્થાપના મુખ્યત્વે લોહ અયસ્કની ખાણોની નિકટતાના આધારે કરવામાં આવી હતી.
2. વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટ, મુખ્યત્વે બજાર અને બંદર સુવિધાઓની નિકટતા દ્વારા સંચાલિત સ્થાનનું ઉદાહરણ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

151. ગુજરાતના પરંપરાગત ગ્રામ્ય જીવનમાં ઈંઢોણીનો ઉપયોગ કયા હેતુ માટે થાય છે?

(A) અનાજ ભરેલી કોઠી ઢાંકવા માટે

(B) માથા પર ઘડો અથવા ગાગર રાખવા ટેકો આપવા માટે

(C) દૂધ અથવા છાશ ઠંડુ કરવા માટે

(D) દહીંમાંથી માખણ કાઢવા માટે

152. ભારતીય રાજ્યોના પુનર્ગઠન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંસદ સંબંધિત રાજ્ય વિધાનસભાની સંમતિ વિના પણ રાજ્યની સીમાઓમાં ફેરફાર કરી શકે છે.
2. રાજ્યના ક્ષેત્રોમાં ફેરફાર પ્રસ્તાવિત કરતું બિલ ફક્ત રાષ્ટ્રપતિની પૂર્વ ભલામણથી જ રજૂ કરી શકાય છે.
3. બંધારણ રાજ્યની સરહદોમાં કોઈપણ ફેરફાર પહેલાં અસરગ્રસ્ત વસ્તીના જનમતની સ્પષ્ટપણે આવશ્યકતા રાખે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3



[Contd.

153. સુનીલ 6 ઈનિંગ્સમાં એક ચોક્કસ સરેરાશ બનાવે છે. 7મી ઇનિંગમાં તે 50 રન બનાવી પોતાની સરેરાશ 5 રનથી વધારે છે. તેની નવી સરેરાશ કેટલી હશે?

(A) 20

(B) 19

(C) 15

(D) 21

154. નીચેનામાંથી કયું વિધાન 'ફુગાવા' શબ્દને શ્રેષ્ઠ રીતે વ્યાખ્યાયિત કરે છે?

(A) બધી આયાતી ચીજ વસ્તુઓના ભાવમાં વધારો

(B) વસ્તુઓ અને સેવાઓના ભાવના સામાન્ય સ્તરમાં સતત વધારો

(C) ખોરાક, કપડાં અને રહેઠાણ જેવી જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવમાં વધારો

(D) ઇંધણના ભાવમાં વધારો જે અન્ય વસ્તુઓ અને સેવાઓના ભાવને અસર કરે છે

155. પૃથ્વીના સ્થાન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પૃથ્વી જ્યારે સૂર્યની સૌથી નજીક હોય છે, ત્યારે તેને પ્રાપ્ત થતો સૌર વિકિરણ, પૃથ્વી જ્યારે સૂર્યથી સૌથી દૂર હોય તેના કરતાં સહેજ વધુ હોય છે.
2. સૂર્યની નજીક અને દૂરની સ્થિતિને કારણે સૌર વિકિરણમાં થતો ફેરફાર એ પૃથ્વી પરના ઋતુગત પરિવર્તનનું મુખ્ય ચાલક પરિબળ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

156. એક ડ્રાઈવર કારમાં રિયર-વ્યૂ મિરરનો (પાછળ જોવા માટેનો અરીસો) ઉપયોગ કરે છે. જેમાં લખેલું હોય છે – "અરીસામાં દેખાતા પદાર્થો વાસ્તવમાં દેખાતા કરતાં નજીક હોય છે." તો કયા પ્રકારનો અરીસાનો ઉપયોગ થયો છે?

(A) સમતલ અરીસો

(B) અંતર્ગોળ અરીસો

(C) બહિર્ગોળ અરીસો

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



MaruGujarat.in

157. ભારતની આબોહવા અને આપત્તિ સામે ટકી રહેવાની પ્રતિબદ્ધતાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતનું રાષ્ટ્રીય આપત્તિ-જોખમ માળખું એક આંતરરાષ્ટ્રીય કરાર સાથે સંરેખિત છે જેણે અગાઉના 'હ્યોગો ફ્રેમવર્ક'નું સ્થાન લીધું છે.

2. ભારતની સ્થિતિસ્થાપકતા નીતિને માર્ગદર્શન આપતું વૈશ્વિક માળખું 'બિલ્ડ બેક બેટર' સહિત ચાર પ્રાથમિકતાવાળા ક્ષેત્રો પર ભાર મૂકે છે.

3. ભારત વૈશ્વિક માળખાનો હસ્તાક્ષરકર્તા નથી, પરંતુ તે આંતરિક કાયદા દ્વારા સ્વેચ્છાએ તેના દિશાનિર્દેશોનું પાલન કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2 અને 3

158. મોઢેરાના સૂર્ય મંદિર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે સોલંકી શાસક ભીમદેવ પ્રથમના શાસન કાળ દરમિયાન બનાવ્યું હતું.

2. મંદિરની રચના એવી છે કે સૂર્યોદયના પ્રથમ કિરણો સીધા ગર્ભગૃહ પર પડે છે.

3. તેનું સ્થાપત્ય મારુ-ગુર્જર (સોલંકી) શૈલીનું છે.

4. ગર્ભગૃહમાં હજી પણ સૂર્યદેવની મૂળ મૂર્તિ સ્થાપિત છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) ફક્ત 1, 2 અને 3



MaruGujarat.in

159. ભારતે સામાજિક રીતે વિવિધતા ધરાવતા લોકતંત્રમાં ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવા માટે સંસદીય પ્રણાલી અપનાવી. આ વિચારના આધારે, પ્રણાલી કેવી રીતે કાર્ય કરે છે તે વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કારોબારી વિધાનમંડળ પ્રત્યે જવાબદાર અને જવાબદારી નીભાવવાને બાધ્ય રહે છે.
2. સંસદીય પ્રણાલી કારોબારીની રાજકીય જવાબદારીની માત્રા ઘટાડે છે.
3. કારોબારીની કાર્યવાહી તપાસવામાં કે તેની દેખરેખ રાખવામાં સંસદની કોઈ ભૂમિકા નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

160. એક શહેરની વસ્તીમાં દર વર્ષે 5% જેટલી વૃદ્ધિ થાય છે, જો હાલની વસ્તી 6 લાખ હોય, તો 2 વર્ષ બાદ આ શહેરની વસ્તી કેટલી થશે?

(A) 6,61,500
(B) 6,60,000
(C) 7,20,000
(D) 6,51,000

161. લેણદેણની તુલાના મૂડી ખાતામાં નીચેનામાંથી કયા નો સમાવેશ થાય છે?

1. આંતરરાષ્ટ્રીય દેવું
2. ખાનગી રેમિટન્સ
3. પ્રત્યક્ષ વિદેશી રોકાણ
4. સંસ્થાકીય વિદેશી રોકાણ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4
(D) ફક્ત 1, 3 અને 4

162. પશ્ચિમી વિક્ષોભો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

વિધાન I: પશ્ચિમી વિક્ષોભો એ પૂર્વ ભૂમધ્ય સમુદ્ર પર ઉદ્ભવતા અને પશ્ચિમ એશિયા, ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન થઈને પૂર્વ તરફ પ્રવાસ કરતા નબળા ચક્રવાત અવદાબ (shallow cyclonic depressions) છે, જે ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગોમાં પ્રવેશે છે.

વિધાન II: પશ્ચિમી જેટ સ્ટ્રીમ શિયાળાની ઋતુ દરમિયાન આ વિક્ષોભોને ભારતમાં દોરી જવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

ઉપરોક્ત વિધાનોના સંદર્ભમાં નીચેનામાંથી કયું સાચું છે?

(A) વિધાન I અને વિધાન II બંને સાચાં છે અને વિધાન II, વિધાન I ની સાચી સમજૂતી છે.

(B) વિધાન I અને વિધાન II બંને સાચાં છે પરંતુ વિધાન II, વિધાન I ની સાચી સમજૂતી નથી.

(C) વિધાન I સાચું છે પરંતુ વિધાન II સાચું નથી.

(D) વિધાન I સાચું નથી પરંતુ વિધાન II સાચું છે.

163. 2 કિલોવોટ ક્ષમતા ધરાવતું ઇલેક્ટ્રિક ગીઝર દરરોજ 2 કલાક માટે ઉપયોગમાં લેવાય છે. જો વીજળીનો ખર્ચ પ્રતિ કિલોવોટ-કલાક (kWh) 6 રૂપિયા હોય, તો ગીઝરનું માસિક બિલ (30 દિવસ માટે) કેટલું થશે?

(A) ₹240

(B) ₹480

(C) ₹720

(D) ₹600

164. ભારતના તાજેતરના આર્થિક વિકાસના અંદાજો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તાજેતરના વર્ષોમાં બહુપક્ષીય સંસ્થાઓ દ્વારા ભારતના વૃદ્ધિના અંદાજો સતત મધ્યમ એક-અંકના ગાળાની શ્રેણીમાં રહ્યા છે.
2. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ એ આવનારા નાણાકીય ચક્ર માટે ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં વારંવાર સ્થાન આપ્યું છે.
3. ભારતના 9-11% વૃદ્ધિનો અંદાજ છેલ્લા ત્રણ વર્ષમાં આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળના તમામ મૂલ્યાંકનોમાં સ્થિર રહ્યો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3



MaruGujarat.in

165. ગુજરાતના લોકનાટ્ય ભવાઈ પ્રદર્શન સાથે પરંપરાગત રીતે આમાંનું કયું વાદ્ય જોડાયેલું છે?

1. એકતારા 2. પખવાજ 3. ભૂંગળ 4. શેહનાઈ

નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) ફક્ત 4

166. મૂળભૂત અધિકારો ન્યાયિક સંરક્ષણ દ્વારા રાજ્યની અયોગ્ય કે સ્વેચ્છાઇ કાર્યવાહીથી નાગરિકોનું રક્ષણ કરે છે.

તે વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ન્યાયાલયો કોઈપણ એવા કાયદાને રદ કરી શકે છે જે મૂળભૂત અધિકારોની વિરુદ્ધ હોય.

2. મૂળભૂત અધિકારો અપવાદ વિના, દરેક પરિસ્થિતિમાં આપોઆપ દરેક કાયદાને રદ કરે છે.

3. માત્ર કારોબારી શાખા જ મૂળભૂત અધિકારો લાગુ કરી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

167. એક સાઈકલને ₹6160માં વેચવાથી વેપારીને 12%નો નફો થાય છે. જો તે બીજા ₹110 ઓછા કરે તો તેના નફાની ટકાવારી શી થશે?

(A) 10

(B) 11

(C) 8

(D) 9



MaruGujarat.in

168. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) 1948ના ઔદ્યોગિક નીતિ ઠરાવમાં સમાજવાદી અર્થતંત્રની પદ્ધતિ રજૂ કરવામાં આવી હતી.

(B) 1956નો ઔદ્યોગિક નીતિ ઠરાવ પી.સી. મહાલનો બિસ મોડેલ પર આધારિત હતો.

(C) 1991ની નવી ઔદ્યોગિક નીતિ ઉદ્યોગોના વિકાસ પર કેન્દ્રિત હતી, તેમના નિયમન પર નહીં.

(D) હાલમાં ફક્ત છ ઉદ્યોગોને ફરજિયાતપણે ઔદ્યોગિક પરવાનાની જરૂર છે અને ફક્ત બે ક્ષેત્રો જાહેર ક્ષેત્ર માટે અનામત છે.

169. ભારતમાં બાયોસ્ફિયર રિઝર્વ્સ અંગે નીચેની જોડીઓ ધ્યાનમાં લો:

| બાયોસ્ફિયર રિઝર્વ | સ્થાન (મુખ્ય પર્વતમાળા) |
|---|---|
| 1. નોકરેક | ગારો પર્વતો |
| 2. સિમિલિપાલ | મહેન્દ્રગિરી પર્વતો |
| 3. અગસ્ત્યમલાઈ | પશ્ચિમી ઘાટ |

ઉપરોક્ત જોડીઓમાંથી કઈ/કઈ જોડી/ઓ સાચી રીતે જોડાયેલી છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

170. એક ખેડૂત નિરીક્ષણ કરે છે કે તેના ખેતરની જમીન અમ્લીય (acidic) બની ગઈ છે, જેના કારણે પાકની ઉપજ ઓછી થઈ રહી છે. નીચેના પૈકી કયો ઉપાય વૈજ્ઞાનિક રીતે સૌથી યોગ્ય છે?

(A) એમોનિયમ સલ્ફેટ ખાતર ઉમેરવું – નાઈટ્રોજનની માત્રા વધારવા માટે

(B) જિપ્સમ છાંટવું – જમીનની રચના સુધારવા અને કેલ્શિયમ પૂરો પાડવા માટે

(C) સ્લેક્ડ લાઈમ (ચુનો) નો ઉપયોગ કરવો – જમીનની વધારાની અમ્લીયતા દૂર (neutral) કરવા માટે

(D) સોડિયમ કાર્બોનેટનો ઉપયોગ કરવો – જમીનમાં બેઝિકતા (alkalinity) ખૂબ વધારવી અને અમ્લીયતા દૂર કરવા માટે





MaruGujarat.in

171. પર્યાવરણીય અધિકારોની વૈશ્વિક માન્યતા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા તે જ વિષય પર ઠરાવ અપનાવવામાં આવ્યો તે પહેલાં સ્વચ્છ, સ્વસ્થ અને ટકાઉ પર્યાવરણના અધિકારને માન્યતા આપી હતી.

2. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનો ઠરાવ તમામ સભ્ય દેશો માટે આ અધિકારને કાયદેસર રીતે બંધનકર્તા બનાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

172. ગુજરાતનાં પરંપરાગત મૂળ લોકનૃત્યો ગરબો અને ગરબી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગરબો ભક્તિપૂર્ણ નૃત્ય છે, જે સ્ત્રીઓ દ્વારા નવરાત્રી દરમિયાન માટીના ઘડા અને દીવાની આસપાસ કરવામાં આવે છે.

2. ગરબી સૌરાષ્ટ્રમાં ઉદ્ભવેલું પુરૂષો દ્વારા ઢોલના તાલે થતું જોમવંતું નૃત્ય છે.

3. ગરબો સૌરાષ્ટ્રમાં અને ગરબી ઉત્તર ગુજરાતમાં મુખ્યત્વે કરવામાં આવે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3



MaruGujarat.in

173. માર્ગદર્શક સિદ્ધાંતો જાહેર કલ્યાણના હેતુથી નીતિઓ બનાવવામાં રાજ્યને માર્ગદર્શન આપે છે. નીચેના વિધાનો ધ્યાનમાં લો અને ઓળખો કે કયાં સાચાં છે?

1. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (DPSPs) કોર્ટમાં લાગુ કરાવી શકાતા નથી, પરંતુ તેઓ કાયદા ઘડતરને આકાર આપે છે અને પ્રભાવિત કરે છે.
2. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (DPSPs) આપમેળે મૂળભૂત અધિકારો કરતાં વધુ સત્તા ધરાવે છે.
3. અદાલતો ઘણીવાર કાયદાઓનો અર્થઘટન વખતે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો (DPSPs) ને અનુકૂળ રહે તેવો દૃષ્ટિકોણ અપનાવે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

★ નીચેની માહિતીને આધારે પ્રશ્ન 174 અને 175ના જવાબ આપો.

અમર, અજય અને અનંગ ભાગીદારીમાં એક ધંધો શરુ કરે છે. અમર અનંગ કરતાં 4 ગણું રોકાણ કરે છે, જ્યારે અમરના રોકાણનું બમણું અજયના રોકાણના 3 ગણા બરાબર છે.

174. સૌથી અધિક રોકાણ કોણે કર્યું છે?

(A) અમર

(B) અજય

(C) અનંગ

(D) અપૂરતી માહિતી

175. જો એક વર્ષને અંતે ₹1,38,000નો નફો થયો હોય, તો અજયને મળવાપાત્ર રકમ કેટલી થશે?

(A) ₹72,000

(B) ₹48,000

(C) ₹42,000

(D) ₹60,000



MaruGujarat.in

176. ભારતમાં લોકશાહી ઉત્તરદાયિત્વ એવી પદ્ધતિઓ દ્વારા માળખાકીય રીતે જડાયેલી છે કે જે કારોબારીને પ્રતિનિધિ સંસ્થાઓને જવાબદાર રહેવાની ફરજ પાડે છે. કઈ પરિસ્થિતિ પારદર્શિતા અને પ્રતિભાવશીલતા પરના આ બંધારણીય આગ્રહને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

(A) સંસદ ગુપ્ત રીતે કાર્ય કરી રહી છે.

(B) કારોબારી તપાસનો ઇનકાર કરી રહી છે.

(C) મંત્રીઓ સંસદીય પ્રશ્નોના જવાબ આપી રહ્યા છે.

(D) ન્યાયાલયો ગેરકાયદેસર કાર્યવાહીની સમીક્ષા ટાળી રહી છે.

177. એક સ્ત્રી અન્ય સ્ત્રીને કહે છે, "તમારા સસરા મારા સસરાના સસરા થાય", તો આ બે સ્ત્રીઓ વચ્ચે સંબંધ શો હશે?

(A) નણંદ - ભાભી

(B) કાકીસાસુ - ભત્રીજાવહુ

(C) ભાણેજવહુ - મામી સાસુ

(D) દેરાણી - જેઠાણી

178. નીચેનામાંથી કયું હરિયાળી ક્રાંતિ લાવનાર કૃષિ વ્યૂહરચનાનો ઘટક નથી?

(A) બાંયધરીકૃત મહત્ત કિંમત

(B) HYV બીજનો ઉપયોગ

(C) જંતુનાશકોનો ઉપયોગ

(D) રાસાયણિક ખાતરનો ઉપયોગ

179. ગુજરાતના નીચેના પાકોને સામાન્ય કૃષિ વર્ષમાં ખેતી હેઠળના કુલ વિસ્તાર (Acreage) ના આધારે તેમના ઘટતા ક્રમમાં ગોઠવો:

1. કપાસ

2. મગફળી

3. બાજરી

4. મકાઈ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 2 - 1 - 4 - 3

(B) 1 - 2 - 3 - 4

(C) 1 - 2 - 4 - 3

(D) 1 - 3 - 2 - 4



MaruGujarat.in

180. મિયાવાકીવૃક્ષારોપણ પદ્ધતિનાં મહત્વપૂર્ણ ઘટકો કયાં છે?

(A) સ્થાનિક જાતિઓ, ધારી રોપણી, સમૃદ્ધ માટી

(B) સ્થાનિક જાતિઓ, વિસ્તૃત અંતર, રાસાયણિક ખાતર

(C) એક સ્તરીય રોપણી, વધુ સિંચાઈ, વધુ કમ્પોસ્ટ

(D) વિદેશી જાતિઓ, વધુ સિંચાઈ, વધુ કમ્પોસ્ટ

181. એક જિલ્લો એક ઉત્પાદન (One District One Product - ODOP) પહેલ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ODOP નો હેતુ દરેક જિલ્લામાં વિશિષ્ટ ઉત્પાદનોને ઓળખવા અને તેના બ્રાન્ડિંગ, પ્રોસેસિંગ અને વૈશ્વિક બજારની હાજરીને વધારવાનો છે.
2. આ પહેલ ક્રેડિટ, કૌશલ્ય તાલીમ અને સપ્લાય-ચેઇન એકીકરણની સુવિધા આપીને કારીગરો અને ઉદ્યોગ સાહસિકોને ટેકો આપે છે.
3. ODOP હેઠળ, એક જિલ્લો એકસાથે પ્રમોશન માટે બહુવિધ અસંબંધિત ઉત્પાદનોની પસંદગી કરી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 3

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

182. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અમદાવાદમાં કેલિકો મ્યુઝિયમની સ્થાપના ગૌતમ સારાભાઈએ કરી હતી.
2. ઈલોરામાં ખડકમાં કોતરેલું કૈલાસ (શિવ) મંદિર કૃષ્ણ-III દ્વારા બનાવવામાં આવ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ



[Contd.

183. ભારતીય બંધારણ આંતરરાષ્ટ્રીય કાયદાના આદર પર ભાર મૂકે છે, તેમ છતાં, વૈશ્વિક અધિકારોના ધોરણો સ્થાનિક કાયદા પ્રણાલીને કેવી રીતે અસર કરશે તે નક્કી કરવામાં ન્યાયપાલિકા નિર્ણાયક ભૂમિકા ભજવે છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારત દ્વારા બહાલી આપવામાં આવેલી આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સંધિઓ સ્વયં-લાગુ થાય છે અને તે આપમેળે તમામ હાલના ભારતીય બંધારણીય અને વૈધાનિક કાયદાઓ પર અગ્રતા લે છે.
2. ભારતીય ન્યાયતંત્રને અસ્પષ્ટ આંતરિક કાયદાઓનું અર્થઘટન કરતી વખતે આંતરરાષ્ટ્રીય કરારો અને વૈશ્વિક અધિકારોના ધોરણોનો સંદર્ભ લેવા અથવા તેનો ઉપયોગ કરવાથી બંધારણીય રીતે પ્રતિબંધિત છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

184. જો કોઈ મહિનાના ત્રીજા શનિવારે 16 તારીખ છે, તો એ જ મહિનાના ચોથા ગુરુવારના રોજ કઈ તારીખ હશે?

(A) 22
(B) 28
(C) 27
(D) 21

185. વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) અને વિદેશી સંસ્થાકીય રોકાણ (FII) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. FIIને FDI કરતાં વધુ સ્થિર માનવામાં આવે છે.
2. FDI વધુ સારી સંચાલકીય કુશળતા અને ટેકનોલોજી લાવવામાં મદદ કરે છે, જ્યારે FII ફક્ત મૂડી લાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ



MaruGujarat.in

186. આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગોની ભૂમિકાના સંદર્ભમાં, નીચેના વિધાનો ધ્યાને લો:

1. સુએઝ કેનાલ માર્ગ, જે ભૂમધ્ય સમુદ્ર અને લાલ સમુદ્રને જોડે છે, તેણે ઉત્તર અમેરિકન પૂર્વ કિનારાના બંદરો અને પૂર્વ એશિયાના બંદરો વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઘટાડ્યું છે.
2. પનામા કેનાલના પૂર્ણ થવાથી પશ્ચિમી યુરોપિયન બંદરો અને યુએસએના પૂર્વ કિનારા વચ્ચેનો દરિયાઈ માર્ગ ટૂંકો થયો છે, ખાસ કરીને કન્ટેનર ટ્રાફિક માટે.
3. મલક્કાની સામુદ્રધુની એ મુખ્યત્વે પરિવહન થતા પેટ્રોલિયમના કુલ જથ્થાની રીતે હાલમાં વિશ્વનો એક ફક્ત સૌથી વ્યસ્ત ચોકપોઇન્ટ (chokepoint) છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

187. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ (ML) અને ડીપ લર્નિંગ (DL) વચ્ચેનો સંબંધ કયો છે?

(A) ડીપ લર્નિંગ મશીન લર્નિંગનો ભાગ છે અને મશીન લર્નિંગ એ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ભાગ છે.
(B) આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ મશીન લર્નિંગનો ભાગ છે અને મશીન લર્નિંગ ડીપ લર્નિંગનો ભાગ છે.
(C) મશીન લર્નિંગ ડીપ લર્નિંગનો ભાગ છે અને ડીપ લર્નિંગ એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ભાગ છે.
(D) AI, ML અને DL વચ્ચે કોઈ સંબંધ નથી.

188. વ્યવસાય કરવાની સરળતા (Ease of Doing Business - EoDB) ઇન્ડેક્સ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વર્લ્ડ બેંકે અર્થતંત્રોમાં નિયમનકારી વાતાવરણનું મૂલ્યાંકન કરવા માટે EoDB રેન્કિંગ પ્રકાશિત કર્યું હતું.
2. વ્યવસાય કરવાની સરળતા સૂચકાંકે વ્યવસાય શરૂ કરવા, કર ચૂકવવા અને નાદારીનું નિરાકરણ સહિતના પરિબળોનું મૂલ્યાંકન કર્યું.
3. પદ્ધતિસરની ચિંતાઓ અને ડેટા અનિયમિતતાના આક્ષેપોને કારણે વ્યવસાય કરવાની સરળતા સૂચકાંક બંધ કરવામાં આવ્યો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3



[Contd.

189. નીચે આપેલાં જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| ક | ખ |
|---|---|
| a. નિકોલો કોન્ટી (Nicolo Conti) | 1. મોરોક્કોનો પ્રવાસી |
| b. ડેમિંગો પેસ (Domingos Paes) | 2. ઇટાલીનો પ્રવાસી |
| c. ઈબ્ન બતુતા (Ibn Battutah) | 3. રશિયન પ્રવાસી |
| d. એથેનાસિયસ | 4. પોર્ટુગલનો પ્રવાસી |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 3 | 2 | 4 | 1 |
| (D) | 2 | 4 | 1 | 3 |

190. કાયદાનું શાસન કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન સંરક્ષણ સુનિશ્ચિત કરે છે, તથા સરકારને કોઈપણ નાગરિક વિરુદ્ધ મનસ્વી રીતે કાર્ય કરવાથી અટકાવે છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કાયદાનું શાસન વિધાનસભાના વર્ગીકરણને ત્યારે જ મંજૂરી આપે છે જો તે કાયદાના ઉદ્દેશ્ય સાથે જોડાયેલ તર્કસંગત આધાર ધરાવતું હોય.
2. કાયદાનું સમાન સંરક્ષણ કાયદાકીય હેતુઓ માટે જુદા જુદા જૂથો વચ્ચે કોઈપણ વર્ગીકરણ અથવા ભેદભાવ કરવાથી રાજ્યને સખત રીતે પ્રતિબંધિત કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

191. ઉત્પાદનનાં સાધનોનાં સંદર્ભનાં વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જમીનની ફળદ્રુપતાને મૂડી ગણવામાં આવે છે.
2. ખેતી માટે ઉપયોગી વરસાદને મૂડી ગણવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

192. ગુજરાતમાં અનુસૂચિત જનજાતિ (ST) વસ્તીના વિતરણ અને ટકાવારીના સંદર્ભમાં, નીચેનાં વિધાનો ધ્યાને લો (2011 વસ્તી ગણતરી):

1. ST વસ્તીનું સૌથી મોટું કેન્દ્રિયકરણ પૂર્વીય જિલ્લાઓમાં, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદ સાથે, આદિવાસી પટ્ટો છે.
2. ડાંગ જિલ્લામાં તેની કુલ વસ્તીના સંબંધમાં ST વસ્તીની સૌથી વધુ ટકાવારી છે.
3. પૂર્વીય સરહદી જિલ્લાઓની તુલનામાં દરિયાકાંઠાના અને સૌરાષ્ટ્રના જીલ્લાઓ સામાન્ય રીતે ST વસ્તીનો ખૂબ ઊંચો ટકાવારી હિસ્સો ધરાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2

193. રેર એર્થ એલિમેન્ટ્સને "રેર" કેમ કહે છે?

(A) તે પૃથ્વીની કર્તભૂમિ (Crust) માં ખૂબ દુર્લભ છે.

(B) તે યોગ્ય પ્રમાણમાં મોજુદ હોવા છતાં કાઢવા ખૂબ મુશ્કેલ છે.

(C) તે ફક્ત મિટિયોરાઈટમાં જોવા મળે છે.

(D) તે રેડિયો એક્ટિવ છે.

194. એશિયાઇ વિકાસ બેંક (Asian Development Bank - ADB) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ADB સભ્ય દેશોને ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આબોહવા સ્થિતિસ્થાપકતા અને સામાજિક વિકાસ માટે નાણાકીય અને તકનીકી સહાય પૂરી પાડે છે.
2. ADB નું મુખ્યાલય મનીલા, ફિલિપાઇન્સમાં આવેલું છે.
3. ADB માં મતદાનની સત્તા તમામ સભ્ય દેશો વચ્ચે શેરહોલ્ડિંગને ધ્યાનમાં લીધા વિના સમાનરૂપે વહેંચાયેલી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 2

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1 અને 3

(D) ફક્ત 2 અને 3



MaruGujarat.in

195. ભારત તેની વિકાસની જરૂરિયાતોને વૈશ્વિક પર્યાવરણીય જવાબદારીઓ સાથે સંતુલિત કરે છે, એક નીતિ જે તેના આંતરરાષ્ટ્રીય વલણ અને તેના આંતરિક બંધારણીય જોગવાઈઓ બંનેમાં પ્રતિબિંબિત થાય છે, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જીવનના અધિકારનું સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણના અધિકારનો સમાવેશ કરવા માટે અર્થઘટન કરવામાં આવ્યું છે.
2. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ એક બંધારણીય સંસ્થા છે જેની સ્થાપના ચોક્કસ બંધારણીય સુધારા દ્વારા સીધી કરવામાં આવી છે.
3. પર્યાવરણનું રક્ષણ કરવાની ફરજ માર્ગદર્શક સિદ્ધાંતો અને મૂળભૂત ફરજો બંનેમાં સમાવિષ્ટ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) 1, 2 અને 3

196. એક એવું બજાર જ્યાં મોટી સંખ્યામાં વેચાણકર્તાઓ એવી વસ્તુઓ વેચે છે, જે નજીકની અવેજી હોય છે અને જ્યાં પેઢીઓની અવરજવર મુક્ત હોય છે તેને ________ તરીકે ઓળખવામાં આવે છે.

(A) ઈજારાયુક્ત હરિફાઈ

(B) પૂર્ણ હરિફાઈ

(C) ઈજારો

(D) અલ્પહસ્તક ઈજારો

197. પ્રધાનમંત્રી ગતિ શક્તિ - રાષ્ટ્રીય પ્લાન (PM Gati Shakti Mission) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ મિશન મંત્રાલયોમાં મલ્ટીમોડલ માળખાગત સુવિધાના આયોજનને એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા જોડે છે.
2. તેનો ઉદ્દેશ્ય આર્થિક ઝોન, બંદરો અને વહન માર્ગો વચ્ચે જોડાણ સુધારીને માલવહન ખર્ચ ઘટાડવાનો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

198. કે.એસ. પુટ્ટસ્વામી કેસ એક સીમાચિહ્નરૂપ ચુકાદો છે જ્યાં સર્વોચ્ચ ન્યાયાલયે ગોપનીયતાનો અધિકાર ભારતીય સંવિધાન હેઠળ બાંયધરીકૃત છે કે કેમ તે અંગે નિર્ણાયક રીતે જાહેર કર્યું, તે સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પુટ્ટસ્વામી કેસમાં 9 ન્યાયાધીશોની બેન્ચે સર્વસંમતિથી ગોપનીયતાના અધિકારને અનુચ્છેદ 21 (જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર) નો આંતરિક અને બંધારણીય રીતે સંરક્ષિત ભાગ જાહેર કર્યો.
2. પુટ્ટસ્વામીના ચુકાદાએ અગાઉ એમ.પી. શર્મા અને ખડક સિંહના કિસ્સામાં સર્વોચ્ચ અદાલતે કરેલા ચૂકાદાઓ સ્પષ્ટપણે રદ કર્યા હતા જેમણે ગોપનીયતાના બંધારણીય અધિકારની વિભાવનાને નકારી કાઢી હતી.
3. ન્યાયાલયે જણાવ્યું હતું કે ગોપનીયતાનો અધિકાર એક સંપૂર્ણ અધિકાર છે અને તેથી, રાજ્ય દ્વારા કોઈપણ સંજોગોમાં તેને પ્રતિબંધિત કરી શકાતો નથી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

199. વર્ષ 2023માં યોજાયેલ કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP 28) સંબંધિત નીચેના વિધાનો ધ્યાને લો:

1. COP 28ની બેઠક સંયુક્ત આરબ અમીરાત(UAE)ના શહેર દુબઈ ખાતે યોજાઈ હતી અને તેના મુખ્ય ઉદ્દેશોમાં વૈશ્વિક સ્ટોકટેકના પરિણામોની સમીક્ષા કરવાનો સમાવેશ થતો હતો.
2. 'લોસ એન્ડ ડેમેજ' ફંડને સંપૂર્ણ રીતે કાર્યરત કરવામાં આવ્યું હતું, જે જર્મની અને સંયુક્ત આરબ અમીરાત (UAE) જેવા વિકસિત દેશોના પ્રારંભિક યોગદાન સાથે શરૂ કરવામાં આવ્યું હતું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

200. કુદરતી વનસ્પતિના વર્ગીકરણ અને વિતરણના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો:

વિધાન I : ઉષ્ણકટિબંધીય નિત્યલીલા જંગલો જૈવ વિવિધતા અને વૃક્ષોની વધુ ઘનતાની લાક્ષણિકતા ધરાવે છે, જે મુખ્યત્વે આખું વર્ષ ઊંચા તાપમાન અને 100cm થી ઓછા વાર્ષિક વરસાદને કારણે છે.

વિધાન II : રાજસ્થાનમાં મુખ્ય વનસ્પતિ સામાન્ય રીતે ઉષ્ણકટિબંધીય કાંટાળા જંગલ પ્રકારની જોવા મળે છે, તેનું કારણ શુષ્ક/અર્ધ-શુષ્ક આબોહવાકીય પરિસ્થિતિઓ અને ઓછો, અનિયમિત વરસાદ છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન I અને વિધાન II બંને સાચા છે અને વિધાન II એ વિધાન I ની સમજૂતી આપે છે.

(B) વિધાન I અને વિધાન II બંને સાચા છે, પરંતુ વિધાન II એ વિધાન I ની સમજૂતી આપતું નથી.

(C) વિધાન I સાચું છે પરંતુ વિધાન II ખોટું છે.

(D) વિધાન I ખોટું છે પરંતુ વિધાન II સાચું છે.

---